સુવિચાર
ક્ષમા આપવી એ ઉત્તમ છે, પણ ભૂલી જવું એ એના કરતાંય વધુ ઉત્તમ...

RNI Reg. GUJGUJ/2010/44893
ચોથી જાગીરનો પડકાર
# મુખ્ય સમાચાર
MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com
સાંધ્ય દૈનિક


મોરબીના રાજપરમા ભાઈના હાથે ભાઈની હત્યા, છરીનો એક ઘા જીવલેણ નિવડ્યો
P-4

Year-16, Issue-102 ■ DATE : 05-08-2025 TUESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ઉદયપુરમાં રેવ પાર્ટી પર દરોડોઃ ૫૦ યુવક-યુવતીઓ ઝડપાયા

**ઝડપાયેલા યુવકોમાં મોટા ભાગના સૌરાષ્ટ્રના અલગ-અલગ શહેરોનાઃ લકઝરી હોટલમાં બર્થડેના નામે ચાલી રહી હતી રેવ પાર્ટીઃ મોડી રાત્રે સિવિલ ડ્રેસમાં પોલીસ ત્રાટકતા નાસભાગ**




**મુખ્ય સમાચાર, ઉદયપુર**

પોલીસે શનિવારે રાત્રે શહેરની એક મોટી હોટલમાં ચાલી રહેલી રેવ પાર્ટીનો પર્દાફાશ કર્યો. પોલીસે કોડિયાટ રોડ પર આવેલી હોટલ ગણેશમાં ચાલી રહેલી આ પાર્ટી પર દરોડો પાડ્યો અને ૫૦ લોકોની ધરપકડ કરી. આમાં ૧૧ છોકરીઓ અને ૩૯ છોકરાઓનો સમાવેશ થાય છે. પોલીસે જણાવ્યું કે જન્મદિવસની પાર્ટીની આડમાં રેવ પાર્ટી યોજાઈ રહી હતી, જેમાં દારૂ અને અન્ય નશીલા પદાર્થો પીરસવામાં આવી રહ્યા હતા. આ પાર્ટીમાં હાજરી આપવા માટે અન્ય રાજ્યોમાંથી કેટલીક છોકરીઓને બોલાવવામાં આવી હતી. પોલીસ ઘટનાસ્થળે પહોંચી ત્યારે પણ ડીજે પર જોરથી સંગીત વાગી રહ્યું હતું અને કેટલાક યુવાનો છોકરીઓ પર નકલી નોટો ફેંકતા જોવા મળ્યા હતા. ઘટનાસ્થળેથી મોટી સંખ્યામાં નકલી નોટો પણ મળી આવી હતી.પોલીસ ટીમ તેમની પૂછપરછ કરી રહી છે. પોલીસને એક બાતમીદાર તરફથી માહિતી મળી હતી કે કોડિયાત રોડ પર સ્થિત ગણેશ રિસોર્ટમાં રેવ પાર્ટી ચાલી રહી છે.

પોલીસે આ સમગ્ર કામગીરી ગુપ્ત રીતે હાથ ધરી હતી. ગિરવાના ડીએસપી સૂર્યવીર સિહ રાઠોડ પોતે આ કાર્યવાહીનું નેતૃત્વ કરી રહ્યા હતા. એવું કહેવામાં આવ્યું હતું કે શનિવારે રાત્રે લગભગ ૧૧૩૦ વાગ્યે, સાદા કપડામાં પોલીસની એક ટીમ ખાનગી બસ દ્વારા હોટલમાં પહોંચી હતી. ટીમમાં કેટલાક પોલીસકર્મીઓ બોગસ ગ્રાહકો તરીકે અંદર પ્રવેશ્યા હતા અને તેની પુષ્ટિ થતાં જ દરોડો પાડવામાં આવ્યો હતો. દરોડાની જાણ થતાં જ ઘણા છોકરાઓ અને છોકરીઓ છત પર છુપાઈ ગયા, પરંતુ પોલીસે તેમને પણ પકડી લીધા. રવિવાર બપોર સુધી હોટલમાં દસ્તાવેજોની તપાસ અને અન્ય કાર્યવાહી ચાલુ રહી. પોલીસે બધાને કસ્ટડીમાં લઈ પોલીસ સ્ટેશન લાવ્યા છે, પૂછપરછ ચાલી રહી છે. પાર્ટીમાં લક્ઝરી કાર પણ પાર્ક કરેલી મળી આવી હતી, પરંતુ હોટલ પાસે દારૂ પીરસવા માટે માન્ય લાઈસન્સ નહોતું.

જેમાં દારૂ સહિતની વાંધાજનક સામગ્રી પીરસવામાં આવી રહી છે. મોડી રાત્રે ડીએસપી સૂર્યવીર સિહના નેતૃત્વમાં મોટી સંખ્યામાં પોલીસ કર્મચારીઓ હોટલ પર પહોંચ્યા હતા અને દરોડો પાડ્યો હતો. હોટલમાં રેવ પાર્ટી પર દરોડાએ ખળભળાટ મચાવ્યો હતો. પોલીસે બધાની અટકાયત કરી પૂછપરછ શરૂ કરી હતી. કહેવામાં આવી રહ્યું છે કે, આ કેસમાં ૧૧ યુવતીઓ અને ૪૦ યુવકોની ધરપકડ કરવામાં આવી છે. હોટેલમાંથી ગેરકાયદેસર દારૂ, સાઉન્ડ સિસ્ટમ, વાંધાજનક સામગ્રી અને ત્રણ મોટા વાહનો જપ્ત કરવામાં આવ્યા છે.

મોટાભાગના આરોપીઓ ગુજરાતી છે. તેઓ ફક્ત આ પાર્ટી માટે ઉદયપુર આવ્યા હતા. આ પાર્ટી પર દરોડો પાડવા માટે પોલીસે બસનો સહારો લેવો પડ્યો. બધા આરોપીઓની ત્યાંથી ધરપકડ કરવામાં આવી.

એસપી યોગેશ ગોયલે જણાવ્યું હતું કે, નાઈ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કોડિયાત રોડ પર ગણેશ હોટલમાં વિશ્વજીત સોલકી નામનો એક આયોજક યુવતીઓને બોલાવીને રેવ પાર્ટી કરાવતો હોવાની માહિતી મળી હતી. આ પાર્ટીમાં હાજરી આપવા માટે દરેક વ્યક્તિ પાસેથી ૫ હજાર રૂપિયા લેવામાં આવી રહ્યા હતા.

આ માહિતીની પુષ્ટિ થતાં ડેપ્યુટી સૂર્યવીર સિહની આગેવાની હેઠળની પોલીસ ટીમે હોટેલ ગણેશ પર દરોડો પાડ્યો અને ૪૦ પુરુષો અને ૧૧ યુવતીઓની ધરપકડ કરી છે. પોલીસ ટીમ આ તમામ ધરપકડ કરાયેલા આરોપીઓની પૂછપરછ કરી રહી છે.

તમને જણાવી દઈએ કે ઉદયપુરમાં આ પહેલી ઘટના નથી. ૧૯ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ, માતાજી કા ખેડા અને ખુમાનપુરામાં બે ફાર્મ હાઉસમાં રેવ પાર્ટી પકડાઈ હતી, જેમાં નેપાળથી છોકરીઓ બોલાવવામાં આવી હતી અને તેમાં એક અમેરિકન યુવક પણ સામેલ હતો. તે પહેલાં, ૧ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ, પોલીસે ન્યૂ યર પાર્ટીના નામે પ્રતાપનગરમાં હોટેલ કેસર વિલા પર દરોડો પાડ્યો હતો. ત્યાંથી ૧૩ છોકરીઓ સહિત ૪૦ યુવાનોને પકડવામાં આવ્યા હતા. તે જ સમયે, ઉદયપુરમાં સતત વધી રહેલી આ ઘટનાઓએ શહેરમાં રેવ પાર્ટી સંસ્કૃતિ પર પ્રશ્નો ઉભા કર્યા છે. જો કે, પોલીસનો દાવો છે કે તેઓ પાર્ટીઓનું આયોજન કરતા અને બહારથી છોકરીઓને બોલાવતા નેટવર્કની તપાસ કરી રહ્યા છે.

## દિલ્હીમાં સ્વતંત્રતા દિવસ પૂર્વે યોજાયેલી મોકડ્રીલમાં ડમી બોંબ ન મળતા ૭ પોલીસ કર્મી સસ્પેન્ડ



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સ્વતંત્રતા દિવસની ઉજવણી પહેલા લાલ કિલ્લા પર સુરક્ષા કવાયત દરમિયાન ડમી બોમ્બ શોધાયા વગર રહેતા કોન્સ્ટેબલ અને હેડ કોન્સ્ટેબલ સહિત સાત દિલ્હી પોલીસ કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. વડાપ્રધાન દ્વારા દર વર્ષે ધ્વજવંદન સમારોહ પછી લાલ કિલ્લાની પ્રાચીર પરથી રાષ્ટ્રને સંબોધન કરવામાં આવે છે.

૭૯મા સ્વતંત્રતા દિવસની ઉજવણીની તૈયારીઓના ભાગ રૂપે દિલ્હી પોલીસ દ્વારા દરરોજ સુરક્ષા કવાયત હાથ ધરવામાં આવી રહી છે. દિલ્હી પોલીસે મીડિયાને જણાવ્યું કે, શનિવારે સ્પેશિયલ સેલ દ્વારા કવાયત હાથ ધરવામાં આવી હતી.

જે દરમિયાન તેઓ નાગરિકોનો પોશાક પહેરીને લાલ કિલ્લાના પરિસરમાં ડમી બોમ્બ સાથે પ્રવેશ્યા હતા. ''તે સમયે, લાલ કિલ્લાની સુરક્ષા માટે તૈનાત પોલીસકર્મીઓ બોમ્બ શોધી શક્યા ન હતા, જેના કારણે તેમને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા,'' પોલીસે ઉમેર્યું.

સ્વતંત્રતા દિવસના આગલા અઠવાડિયામાં, લાલ કિલ્લાની સુરક્ષા વધારી દેવામાં આવી છે અને આ વિસ્તારને ઉચ્ચ સુરક્ષા ક્ષેત્ર જાહેર કરવામાં આવ્યો છે. સ્વતંત્રતા દિવસ એ પ્રસંગને ચિહ્નિત કરે છે જ્યારે વડા પ્રધાન ત્રિરંગો ફરકાવે છે અને રાષ્ટ્રને સંબોધિત કરે છે.

દરમિયાન, આ વિસ્તાર માટે એક વ્યાપક સુરક્ષા યોજના તૈયાર કરવામાં આવી છે, જેમાં રહેવાસીઓની સંપૂર્ણ વસ્તી ગણતરીથી લઈને હાઇ-ટેક વિડિઓ એનાલિટિક્સ અને અદ્યતન વાહન સ્કેનિંગ સિસ્ટમ્સનો સમાવેશ થાય છે.

આ વર્ષે, પ્રથમ વખત, સ્વતંત્રતા દિવસની ઉજવણી પહેલાના દિવસોમાં પાંચ પ્રકારના સર્વેલન્સ કેમેરા તૈનાત કરવામાં આવશે. આમાં હેડકાઉન્ટ કેમેરાનો સમાવેશ થશે, જે એક ફ્રેમમાં લોકોની સંખ્યા જણાવે છે અને શંકાસ્પદ વસ્તુઓને હાઇલાઇટ કરવા માટે રચાયેલ છે.

## ટેરીફમાં ભારત સાથે અમેરિકાનું ભેદભાવભર્યુ વલણ




**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારત સાથેના વ્યાપારમાં ૨૫% ટેરીફ તથા ખાસ કરીને રશિયા પાસેથી ક્રુડતેલ ખરીદવા બદલ ખાસ પેનલ્ટીની અમેરિકાની ધમકીનો પ્રથમ આકરો જવાબ આપતા ભારતે અમેરિકી વલણ ભેદભાવ-ભર્યા હોવાનો સ્પષ્ટ આરોપ મુકતા ટ્રમ્પ તંત્રને જણાવ્યું હતું કે, અમેરિકા અને યુરોપ પણ રશિયા સાથે વ્યાપાર કરે છે તેની સામે ભારતને આ રીતે રશિયા સાથેના વ્યાપાર બદલ પેનલ્ટી એ સ્વીકાર્ય નથી.

ભારતે પેનલ્ટીની ચિંતા કર્યા વગર જ અમેરિકા યુરોપીયન સંઘના વલણને દંભી ગણાવ્યા હતા અને સ્પષ્ટ કહ્યુ હતું કે, રશિયા પાસેથી ક્રુડતેલ ખરીદવાનો નિર્ણયનો વિરોધ એ અયોગ્ય અને અસ્વીકાર્ય છે. વિદેશ મંત્રાલયે ટ્રમ્પ શાસનને અરીસો દેખાડતા કહ્યું કે, યુરોપીયન યુનીયન એ ૨૦૨૪માં રશિયા સાથે ૬૯.૭ બીલીયન યુરોનો વ્યાપાર કર્યા છે.

૨૦૨૩માં તે ૧૭.૨ બીલીયન યુરોનો હતો જે ભારતના રશિયા સાથેના વ્યાપાર કરતા અનેક ગણો વધુ છે. યુરોપીયન યુનિયન ૨૦૨૪માં રશિયા પાસેથી ૧૬.૦૫ મિલિયન ટન એલએનજી મેળવ્યુ હતું અને ૨૦૨૨માં તે ૧૫.૨૧ મીલીયન ટનની આયાત કરી હતી.

ઉપરાંત અમેરિકા પણ રશિયા સાથે વ્યાપાર કરે છે. રશિયા પાસેથી તે યુરેનિયમ હેકસાફલોરાઈડ આયાત કરે છે જે અમેરિકાના અણુ કાર્યક્રમ, તેના ઈલેકટ્રીક વાહનોના ક્ષેત્ર ખાતર-રસાયણ માટે મેળવે છે. ભારતે કોની સાથે વ્યાપાર કરવો તે તેનો સાર્વભોમત્વ અધિકાર હોવાનું ભારતે સ્પષ્ટ જણાવ્યુ હતું.

ભારતે મકકમતાથી જવાબ આપતા કહ્યું કે હવે આ જ અમેરિકા અને યુરોપીયન સંઘ બંને સસ્તા ઓઈલનો એકબાજુએ લાભ પણ લે છે અને બીજી બાજુએ ભારતને આ જ સસ્તુ ઓઈલ આયાત કરવા માટે પ્રોત્સાહન આપ્યા પછી હવે ભારતને રશિયા પાસેથી ઓઇલ આયાત કરવાની બંધ કરે છે.

જ્યારે ભારત આ આયાત પોતાના હિતોને ધ્યાનમાં રાખીને કરે છે. તેથી હવે જો અમેરિકા અને યુરોપીયન સંઘ ભારત પર રશિયા પાસેથી ઓઈલની આયાતના મુદ્દે ટેરિફ નાખશે તો તેનું નુકસાન ફક્ત ભારતને નહીં તેમને પણ થશે. તેની સાથે વૈશ્વિક એનર્જી સિક્યોરિટી પણ ભયમાં મૂકાશે.

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ છેલ્લા બે સપ્તાહથી સતત ભારત વિરોધી નિવેદનો આપી રહ્યા છે. આજે ટ્રમ્પે જાહેરાત કરી છે કે અમેરિકા ભારત પર ટેરિફમાં ભારેખમ વૃદ્ધિ કરશે.

નોંધનીય છે કે અગાઉ ટ્રમ્પે ભારત પર ૨૫ ટકા ટેરિફની જાહેરાત કરી હતી. ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર પોસ્ટ ધમકી આપતા કહ્યું છે, કે ભારત રશિયાથી મોટા પ્રમાણમાં ઓઇલ તો ખરીદે જ છે પણ પછી તેમાંથી મોટો હિસ્સો ખુલ્લા બજારમાં વેચી નફો પણ કમાય છે.

રશિયાની યુદ્ધ મશીનમાં યુક્રેનના કેટલા લોકો મરી રહ્યા છે તેની ભારતને કોઈ ચિંતા નથી. તેથી હું ભારત પર લગાવવામાં આવતા ટેરિફમાં ભારેખમ વૃદ્ધિ કરીશ.

## રશિયામાં ફરી ધરતી ધ્રુજીઃ કામચટકા કિનારે ૫.૦ની તીવ્રતાનો આંચકો



**મુખ્ય સમાચાર, મોસ્કો**

રશિયાના દૂર પૂર્વમાં કામચટકા કિનારે મંગળવારે ફરી એકવાર ધરતી ધ્રુજી ઉઠી. ભૂકંપ દેખરેખ પ્રણાલીએ પુષ્ટિ આપી છે કે, પેટ્રોપાવલોવસ્ક-કમ્વાત્સ્કીથી ૧૦૮ કિમી દક્ષિણ-પૂર્વમાં ૫.૦ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. આ ઘટના સ્થાનિક સમય મુજબ બપોરે ૧૫૭ વાગ્યે બની હતી. ભૂકંપ સમુદ્રમાં અને મધ્યમ ચેનલ પર આવ્યો હતો, જેના કારણે સપાટી પર નુકસાનની શક્યતા ઓછી છે. જોકે, આ ભૂકંપ કામચટકા દ્વીપકલ્પને હચમચાવી નાખનારા ૮.૮ ની તીવ્રતાના વિશાળ ભૂકંપના થોડા દિવસો પછી જ આવ્યો હતો. તે ભૂકંપથી સમગ્ર પેસિફિક ક્ષેત્રમાં સુનામીની ચેતવણી જારી કરવામાં આવી હતી. આ વખતે ભૂકંપની તીવ્રતા ઓછી હશે, પરંતુ તેનાથી વિસ્તારમાં ગભરાટ પણ ફેલાયો છે.

## ફૂટપાથ પર અધિકાર મામલે ચાર સપ્તાહમાં ગાઈડલાઈન તૈયાર કરવા સુપ્રિમનો આદેશ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

રાજકોટ-ગુજરાત સહિત દેશભરમાં ફૂટપાથ પર દબાણનો સળગતો મુદ્દો છે અને સરકાર તેને અટકાવી શકતી નથી જયારે હવે સર્વોચ્ચ અદાલતે ફૂટપાથનાં અધિકાર મામલે ચાર સપ્તાહમાં ગાઈડલાઈન તૈયાર કરવા કેન્દ્ર સરકારને આદેશ કર્યો છે.

સર્વોચ્ચ અદાલતના જસ્ટીસ જે.બી.પારડીવાલાનાં નેતૃત્વ હેઠળની બેંચે પગપાળા જવા માટેની ફૂટપાથનો અધિકાર અનુચ્છેદ ૨૧ હેઠળ સુરક્ષીત છે. ચાર સપ્તાહમાં સરકાર દિશા નિર્દેશ તૈયાર નહિં કરે તો ખૂદ અદાલત વકીલોની મદદથી ગાઈડલાઈન તૈયાર કરશે.

સુપ્રિમ કોર્ટે કહ્યું કે નાગરીકોનાં ઉપયોગ માટે યોગ્ય ફૂટપાથ જરૂરી છે. દિવ્યાંગો માટે પણ સાનુકુળ હોવી જોઈએ. તેના પર દબાણ ન ચાલે. આ મામલામાં સીનીયર વકીલ ગૌરવ અગ્રવાલને એમિકસ કયુરી (કોર્ટ સલાહકાર) બનાવવામાં આવ્યા હતા.

એમીસ કયુરીએ અદાલતને એમ કહ્યું કે ફુટપાથ વિશે સરકારની કોઈ ગાઈડલાઈન જ નથી સુપ્રિમ કોર્ટના પૂર્વ જસ્ટીસ સભ્ય મનોહર તત્રેના વડપણ હેઠળ માર્ગ સુરક્ષા માટે સમિતિનું ગઠન થયુ છે. ફૂટપાથ વિશે સરકારની ગાઈડલાઈન બને તો તેનો પણ સમાવેશ કરી શકાય.

સર્વોચ્ચ અદાલતે કહ્યું કે નાગરીક માટે ફૂટપાથ મહત્વની છે. છ માસમાં રાષ્ટ્રીય માર્ગ સુરક્ષા બોર્ડનું ગઠન કરવામાં આવે. હવે આમાં કોઈ સમય વધારો આપવામાં નહીં આવે તે પણ સ્પષ્ટ કર્યુ હતું. પગપાળા જતાં નાગરીકો માટે ફૂટપાથ અનિવાર્ય છે અને તેમનો મૂળભૂત અધિકાર છે. પગપાળા જતા લોકોની સુરક્ષા માટે પણ અનિવાર્ય છે.

## ઓપરેશન સિંદૂરની સફળતા માટે NDA સંસદીય પક્ષની બેઠકમાં વડાપ્રધાન મોદીનું સન્માન



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA) એ મંગળવારે સંસદીય પક્ષની બેઠક યોજી હતી. આ બેઠકમાં ઓપરેશન સિંદૂરની સફળતા માટે વડાપ્રધાન મોદીનું સન્માન કરવામાં આવ્યું હતું. સાંસદોની બેઠકમાં ઓપરેશન સિંદૂર અંગે એક ઠરાવ પણ પસાર કરવામાં આવ્યો હતો. ઝ્રભ પ્રમુખ જેપી નડ્ડા, ગળહમંત્રી અમિત શાહ અને સંરક્ષણ રાજનાથ સિંહે તેમનું સન્માન કર્યું હતું. આ દરમિયાન, આખો હોલ તાળીઓના ગડગડાટ અને ભારત માતા કી જયના નારાઓથી ગુંજી ઉઠ્યો હતો.

પ્રધાનમંત્રી મોદી પણ સંસદના ઓડિટોરિયમ હોલમાં આયોજિત આ બેઠકને સંબોધિત કરશે. આ બેઠક એવા સમયે થઈ રહી છે જ્યારે બિહારની મતદાર યાદીને લઈને સંસદમાં હોબાળો ચાલી રહ્યો છે. બંને ગળહોમાં સતત વિરોધ થઈ રહ્યો છે. NDAની આ બેઠક લાંબા સમય પછી થઈ રહી છે. વર્તમાન સંસદ સત્રમાં ની આ પહેલી આવી બેઠક છે. શાસક ગઠબંધનના નેતાઓએ તેમાં ભાગ લીધો હતો. ઓપરેશન સિંદૂર પર બંને ગળહોમાં આક્રમક ચર્ચાઓ બાદ આ સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે.

## ટ્રેનમાં ઈમરજન્સી કવોટા અંતર્ગત બર્થ એક દિવસ પહેલા ફાળવાશે



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

માનનીયોને ઓછા સમય ગાળામાં (યાત્રાના દિવસે) કોઈપણ ટ્રેનમાં ઈમરજન્સી કવોટા અંતર્ગત ફરજીયાતપણે બર્થ આપવાની સુવિધા બંધ કરી દેવામાં આવી છે. રેલવેનાં નવા નિયમ અંતર્ગત તેમણે યાત્રાના એક દિવસ પહેલા ઈમરજન્સી કવોટા અંતર્ગત બર્થ મેળવવા અનુરોધ કરવો પડશે.

અધિકારીએ જણાવ્યું હતું કે, સામાન્ય યાત્રીઓની સુવિધા માટે જુનથી રિઝર્વેશન ચાર્ટ ૨૪ કલાક પહેલા તૈયાર કરવાનો નિયમ લાગુ કરવામાં આવ્યો છે.

આથી ટીકીટ કન્ફર્મ નહિં થવાની સ્થિતિમાં યાત્રીને અન્ય વિકલ્પ પસંદ કરવાની સુવિધા મળશે.

આ સાથે જ રેલવે બોર્ડે બધી ટ્રેનોમાં ઈમરજન્સી કવોટા અંતર્ગત બર્થ ફાળવણી કરવાનાં નિયમ બદલી આપવામાં આવ્યા છે.

સવારની ટ્રેન માટે જો તે રાત્રે ૧૨ વાગ્યાથી બપોરે ૨ વાગ્યા દરમ્યાન છૂટે છે તો ઈમરજન્સી કવોટા માટે અનુરોધ યાત્રાનાં એક દિવસ પહેલા બપોરે ૧૨ વાગ્યે જમા કરાવી દેવો પડશે. રજાઓ માટે જો રવિવાર કે સતત રજા પર કવોટા ઈસ્યુ થવાનો છે તો અનુરોધ રજાઓ પહેલામાં છેલ્લા કાર્ય દિવસે જમા કરાવવો પડશે.

આજની ટ્રેન માટે જો બપોરે ૨-૦૧ વાગ્યાથી રાત્રીનાં ૧૧.૫૯ વાગ્યા દરમ્યાન ટ્રેન છૂટે છે તો અનુરોધ યાત્રાના એક દિવસ પહેલા સાંજે ૪ વાગ્યા સુધીમાં જમા કરાવવો પડશે. એજ દિવસનો અનુરોધ નહીં સ્વીકારાય. યાત્રાના દિવસે કરાયેલો કોઈપણ અનુરોધ નહિં સ્વીકારાય.

## ઓનલાઈન છેતરપીંડી પર લગામ કસવા હવે મોબાઈલ વેરિફિકેશન પર ચાર્જ ચુકવવો પડશે



**મુખ્ય સમાચાર, મુંબઇ**

ઓનલાઈન છેતરપીંડી પર લગામ કસવા તથા ડીજીટલ પારદર્શકતા વધારવા માટે ટેલીકોમ વિભાગે મોબાઈલ નંબર વેલીડેશનનો નવો મુસદો તૈયાર કર્યો છે. સુચિત નિયમો હેઠળ મોબાઈલ નંબર વેરીફીકેશન માટે તમામ એજન્સીઓએ ટેલીકોમ વિભાગનાં પ્લેટફોર્મનો જ ઉપયોગ કરવો પડશે તથા દરેક વેરીફીકેશન પર ચાર્જ ચુકવવો પડશે.

ટેલિકોમ વિભાગની દરખાસ્ત મુજબ બેંક, ફીનટેક તથા અન્ય ડીજીટલ સેવા માટે યુઝરનાં મોબાઈલ નંબર વેરીફાઈ કરવા ટેલીકોમ વિભાગનાં જ પ્લેટફોર્મનો ઉપયોગ કરવો પડશે. બેંકોએ પ્રતિ વેરીફીકેશન રૂા.૧.૫૦ તથા અન્ય સંસ્થાઓએ રૂા.૩ નો ચાર્જ ચુકવવો પડશે નકલી અથવા શંકાસ્પદ નંબરોને ૯૦ દિવસમાં બંધ કરી શકાશે.

નિષ્ણાંતોના કહેવા પ્રમાણે દેશમાં કરોડો પરિવારો પાસે એક જ મોબાઈલ નંબર હોય છે અને આખો પરિવાર એક જ મોબાઈલનો ઉપયોગ કરતો હોય છે. પેન્શનથી માંડીને ડીજીટલ શિક્ષણ તથા બેંકીંગ કામગીરીમાં આ એક જ મકોબાઈલ નંબરનો ઉપયોગ થતો હોય છે.આ સંજોગોમાં દરેક ક્ષેત્ર માટે અલગ મોબાઈલ નંબરની જરૂરીયાત થાય તો ગ્રામીણ તથા નિમ્ન વર્ગ મોટાભાગે પ્રભાવીત થઈ શકે છે.

આજ રીતે મોબાઈલ નંબર વેરીફીકેશનથી નાના વેપારીઓ તથા સ્ટાર્ટઅપ માટે પડકાર બની શકે છે. ૧૦,૦૦૦ યુઝર્સ ધરાવતી એપને દર મહિને રૂા.૨૦,૦૦૦ નો વેરીફીકેશન ખર્ચ થશે. ફૂડ ડીલીવરી, કેબ સર્વીસ, ઓનલાઈન શોપીંગ જેવી સેવાઓ મોંઘી થઈ શકે છે.

કયુઆર કોડથી પેમેન્ટ મેળવતા વેપારીઓ ડીજીટલ ટ્રાન્ઝેકશનથી પીછેહઠ કરી શકે છે. એવો અંદાજ મુકવામાં આવ્યો છે કે મોબાઈલ નંબર વેરીફીકેશન મારફત સરકારને કરોડો રૂપિયાની વાર્ષિક કમાણી થશે સામે આમ આદમી પર સીધો આર્થિક બોજ પડશે.

સુચિત નિયમોથી પડનારા નાણાંકીય બોજને મોટી કંપનીઓ ઝીલી શકશે પરંતુ નાના વર્ગનો મરો થઈ જશે. સ્પર્ધાના યુગમાં નાના વેપારીઓ પાછળ રહી જશે અને મોટી કંપનીઓ વધુ મજબુત થશે.

# જામનગરમાં ફુડ શાખા દ્વારા ફરાળી ખાદ્ય ચીજોના ૧૭ નમૂના મેળવી પૃથ્થકરણ માટે લેબમાં મોકલાયા





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકાની ફુડ શાખા દ્વારા ગત સપ્તાહમાં ફરાળી ખાદ્ય પદાર્થોના ૧૭ નમુના લેવામાં આવ્યા હતા. અને તેને પૃથ્થકરણ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે. અન્ય બે પેઢીના નમુના સબ સ્ટાન્ડર્ડ જાહેર થતાં તેમની પાસેથી પેનલ્ટી વસૂલવામાં આવી છે. જ્યારે ઉપરાંતની અન્ય બે પેઢી સામે નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવી છે.જામનગર મહાનગરપાલિકાની ફુડ શાખાના અધિકારીઓની ટીમ દ્વારા ગત સપ્તાહ દરમિયા ફરાળી ખાદ્ય ચીજોના નમુના લેવાની કામગીરી કરવામાં આવી હતી. જેમાં ખેતેશ્વર સ્વીટ એન્ડ નમકીનમાંથી કેળાની વેફર (લુઝ) અને ફરાળી ચેવડો (લુઝ), સંતોષ સ્વીટ એન્ડ નમકીનમાંથી તીખો મીઠો ફરાળી ચેવડો (લુઝ), ગણેશ સ્વીટ એન્ડ નમકીનમાંથી ફરાળી સ્વીટ ચેવડો અને તીખો ફરાળી ચેવડો, ગોવર્ધન ચેવડાવાલા માંથી ફરાળી ભાખરવડી, ફરાળી કચોરી, અને ફરાળી ફૂલવડી, મેહુલ ફરસાણમાંથી ફરાળી તીખો ચેવડો, જય ભવાની સ્વીટ એન્ડ નમકીન માટે ફરાળી વેફર, શ્રી સંતોષ સ્વીટ એન્ડ નમકીનમાંથી મીઠો ફરાળી ચેવડો, નેશનલ વેફર એન્ડ નમકીનમાંથી ફરાળી સેવ, અંબિકા ડેરી પ્રોડક્ટમાંથી રાજગરા ફરાળી ચેવડો, કમલેશ ડેરી એન્ડ સ્વીટમાંથી ફરાળી ચેવડો, ચોઇસ સ્વીટ - નમકીનમાંથી ફરાળી ચકરી, શ્રી લક્ષ્મી સ્વીટ એન્ડ ફરસાણ માર્ટમાંથી ફરાળી ચેવડો અને ફરાળી ભાખરીના નમુના લેવાયા હતા અને પથ્થક્કરણ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.જામનગર મહાનગરપાલિકાના કમિશનર ડી એન મોદીની સૂચનાથી શહેરના અલગ અલગ વિસ્તારમાં ફાસ્ટ ફૂડ, હોટલ, રેસ્ટોરન્ટમાં રૂબરૂ ઈન્સ્પેક્શન કરી સાફ-સફાઈ અને સ્વચ્છતા રાખવા, સમયસર પેસ્ટ કંટ્રોલ કરાવી લેવા, પેઢીના કર્મચારીને સર્ટિફિકેટ મેળવી લેવા, ખાદ્ય પદાર્થ ઢાંકીને રાખવા, વાસી ખોરાક નહીં રાખવા., મેનુ થતા બોર્ડમાં વેજીટેરિયનનું ગ્રીન સિમ્બોલ લગાડવા બાબતે સૂચના આપવામાં આવી હતી. તેમાં રાધે રાધે રેસ્ટોરન્ટને સાફ સફાઈ અને સ્વચ્છતા તેમજ હાઈજેનિક કન્ડિશન અન્વયે સૂચના આપવામાં આવી હતી, ઓ ટુ રેસ્ટ્રો એન્ડ કાફેમાં તપાસ દરમિયાન પાંચ કિલો મન્ચુરીયન., ૩ કિલો બોયલ બટેટા અને એક કિલો પાંવભાજી અનહાઈજેનિક જણાતા તેનો નાશ કરવામાં આવ્યો હતો અને સાફ-સફાઈ અને સ્વચ્છતા જાળવવા તેમજ હાઈજેનિક કન્ડિશન મેન્ટેન કરવા સૂચના આપવામાં આવી હતી. જ્યારે આદિત્ય રેસ્ટોરન્ટમાં પણ વાસી ખોરાક નહીં રાખવા અને સ્વચ્છતા જાળવીને હાઈજેનિક કન્ડિશન મેન્ટેન કરવા સૂચના આપવામાં આવી હતી.સત્યમ રોડ પરની જય ગોપાલ ડેરીમાંથી લીધેલા મિક્સ દૂધના નમુના સબ સ્ટાન્ડર્ડ જાહેર થતાં નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવનાર છે. જ્યારે સુભાષ માર્કેટ માર્ગ પર આવેલી ભાનુશાલી મહેન્દ્રકુમાર એન્ડ બ્રધર્સ માંથી લેવામાં આવેલ ધાણાજીરૃં પાવડર અને નમુના અનસેઈફ જાહેર થતા કોર્ટમાં કેસ કરવામાં આવ્યો છે.ઉપરાંત મહાકાલેશ્વર ડેરી (ગોકુલ નગર) માંથી લીધેલ દહીં ના નમુનો સબ સ્ટાન્ડર્ડ જાહેર થતાં રૂ.૨૦,૦૦૦ ની પેનલ્ટી તેમજ કિસાન મસાલા સિઝન સ્ટોરમાંથી લીધેલ હળદર પાવડરનો નમુનો અનસેફ. જાહેર થતાં તેના સંચાલક પાસે થી રૂ. ૨૫,૦૦૦ની પેનલ્ટી વસૂલવામાં આવી હતી.

# ફઈ-ભત્રીજીના અપહરણ પ્રકરણમાં સંડોવાયેલા વકિલનો ઈન્દોરમાં આપઘાતનો પ્રયાસ

## ઝેરી દવા પી લેનાર વકિલને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરાતા રાજકોટ પોલીસે કબ્જો મેળવાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના ગાંધીગ્રામ વિસ્તારની અલ્કાપુરીમાં રહેતા વેપારી પરિવારની આઠ વર્ષની પુત્રીનું રેસકોર્સ તેની જ બહેન દ્વાર અપહરણ કરવાના મામલે પ્ર.નગર પોલીસે વેપારીની બહેનની ધરપકડ કર્યા બાદ આ પ્રકરણમાં સંડોવાયેલ એડવોકેટે ઈન્દોરમાં આપઘાતનો પ્રયાસ કરતા તેને સારવાર માટે હોસ્પિટમાં ખસેડયા બાદ રાજકોટ પોલીસની ટીમ એડવોકેટને લઇ રાજકોટ આવી હતી અને તેનું મેડીકલ ચેકઅપ કરાવી ધરપકડની તજવીજ શરુ કરી છે. બીજી તરફ વેપારીની બહેનને કોર્ટ હવાલે કર્યા બાદ તેને જેલ હવાલે કરવામાં આવી હતી. અલ્કાપુરી વિસ્તારમાંથી ગત ૨૪ જૂલાઈએ ૬ વર્ષની ભત્રીજી અનાયા સાથે ગાયબ થયેલી ૪૪ વર્ષીય ફઈ રિમા માખાણીના કેસમાં પોલીસે કાવતરાખોર ફૈઈ રિમા માખાણીની ધરપકડ કરી હતી. આ મામલે ભાઈ રીયાઝભાઈ ફિરોજભાઈ માખાણીની ફરિયાદને પ્ર.નગર પોલીસે આધારે તેની બહેન રીમા અને એડવોકેટ રાજવીરસિંહ ઝાલા સામે ગુનો નોંધ્યો હતો. પોલીસ તપાસમાં ભાઈ પાસે રૂપિયા પડાવવા અને મિલકતમા ભાગ માટે આખાયે ખેલની રચના કરનાર રિમા માખાણીએ કબુલાત આપી પોતે કરેલા કૃત્ય અંગે પસ્તાવો વ્યક્ત કર્યો હતો. પિતાની માલિકીની કરોડો રૂપિયાની મિલકતમાં ભાગ પડાવવા પોતે રેલનગરમાં રહેતા વકીલ રાજવીરસિંહ ઝાલાને મળી હતી અને વકીલ ઝાલાએ કાવતરું ઘડયું હતું. એડવોકેટ રાજવીરસિંહ ઝાલાએ ખંડણી માગવા માટે બાળકી અનાયાના પિતા રિયાઝને ઈન્ટરનેશનલ કોલ કર્યો હતો, પરંતુ રિયાઝે તે ફોન રિસીવ કર્યો નહોતો, એટલું જ નહીં ત્યારબાદ રાજવીરસિંહે હિન્દીમાં મેસેજ કર્યો હતો નતુમ્હારી પત્ની ઔર બેટી હમારે કબ્જેમે હૈથ પરંતુ આ મેસેજ પણ રિયાઝે ફઈ ભત્રીજી પરત આવી ગયા ત્યાં સુધી રીડ કર્યો નહોતો, જો આ ફોન રિસીવ થયો હોત તો વહેલી તકે આરોપીઓનું લોકેશન મળી શક્યું હોત. પૂછપરછ દરમિયાન રડી પડેલી ફૈઈએ કાવતરા અંગે મોઢું ખોલતાં કહ્યું હતું કે જો તે એકલી લાપતા થઈ હોત મતલબ કે એકલીનું અપહરણ થયું છે તેવું નાટક કર્યું હોત તો ભાઈ પૈસા ન આપત એટલા માટે જ છ વર્ષની ભત્રીજી સાથે અપહરણનું તરકટ રચ્યું હતું.



રીમાની ધરપકડ બાદ એડવોકેટ રાજવીરસિંહે ઈન્દોરમાં ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતા તેને સારવાર માટે ઈન્ડો ની એક હોસ્પિટલમાં ખસેડાયો હતો જ્યાં તેની ઉપર પોલીસ જામો ગોઠવવામાં આવ્યા બાદ આ મામલે રાજકોટ પોલીસને જાણ કરવામાં આવી હતી .અપહરણ કાંડમાં સંડોવાયેલ એડવોકેટ રાજવીરસિંહ ઝાલાનો પ્ર.નગર પોલીસે ઈન્દોરથી કબજો લઈ તેના રિમાન્ડ મેળવવા રાજકોટ કોર્ટમાં રજુ કરવા અને તેનું મેડીકલ ચેકઅપ કરાવવા તજવીજ કરી છે.

# જામનગર જિલ્લામાં જુગારના ૧૪ દરોડામાં ૧૦ મહિલા સહિત ૭૪ પંટારો ઝડપાયા





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના જામજોધપુર, લાલપુર અને ધ્રોલ પંથકમાં પોલીસે જુગાર અંગે ૧૪ સ્થળોએ દરોડા પાડ્યા હતા. અને જુગાર રમતા ૧૦ મહિલા સહિત ૭૪ વ્યક્તિઓને ઝડપી લઈ તેઓ પાસેથી રોકડ સહિતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. જ્યારે એક શખ્સ ફરાર થઇ ગયો હતો.જામજોધપુર બાલવા ફાટકથી આગળ ધ્રાફા ફાટક જવાના રોડ પર સોનલ માતાના મંદિરની સામે ઝુપડાઓ પાછળ ખરાબામાં જાહેરમાં શખ્સો તીન પતી રોન પોલીસ નામનો જુગાર રમી પૈસાની હારજીત કરે છે.તેવી બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો. જ્યાં ગંજીપતા વડે.જુગાર રમતા પોપટભાઈ મકવાણા ધોરાજી.હરકેશગીરી જયંતીગીરી ગોસ્વામી જામજોધપુર રાણસીભાઇ ઘેલાભાઈ ધનાણી જામજોધપુર અને હિતભાઇ અતુલભાઈ ખાંટ જામજોધપુર ને રૂ.૧૨,૪૦૦ ની રોકડ સાથે પોલીસે ઝડપી લીધા હતા.જ્યારે લાલપુરના સણોસરી ગામની પ્રાથમીક શાળાની બાજુમાં જાહેરમાં અમુક ઇસમો ગંજીપતાના પાના વડે જુગાર રમતા હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો. જ્યાં જુગાર રમતા રમેશભાઈ ધાનાભાઈ ખવા,

જગુભાઇ મારખીભાઇ ડાંગર, નાથાભાઈ મેઘાભાઈ સાગઠીયા અને સેજાભાઈ નારણભાઈ ખીંટને રૂ. ૧૦૨૬૦ ની રોકડ રકમ સાથે ઝડપી પાડ્યા હતા.આ ઉપરાંત જામજોધપુર તાલુકાના પાટણ ગામમાં જુગાર રમતો હોવાની બાતમીના આધારે સ્થાનિક પોલીસે દરોડો પાડ્યો હતો.અને જુગાર રમી રહેલા સાત શખ્સોને ઝડપી પાડ્યા હતા. જેમાં દેવાભાઈ નરશીભાઇ સરવૈયા, ભગાભાઇ કારાભાઈ સરવૈયા, મેરૂભાઇ ચનાભાઇ સોલંકી , જીવાભાઇ રામદેભાઇ પરમાર, દિનેશભાઇ ઉકાભાઈ ધામેચા , ભીખાભાઇ કરણાભાઇ ગાંગળીયા અને લાલાભાઇ રવજીભાઇ શિહોરાને રૂ. ૧૨,૬૫૦ ની રોકડ સાથે ઝડપાયા હતા.જ્યારે ધ્રોલ નજીકના ધ્રાંગડા ગામથી રોજીયા ગામ જતા કેનાલના કાંઠે રોજીયા ગામની સીમમા રાજેન્દ્રસિંહ ગંભીરસિંહ જાડેજાની વાડીના સેઢા પાસે જાહેરમાં ગંજીપતાના પાના વડે તીનપતી રોન પોલીસ નામનો પૈસાની હારજીતનો જુગાર રમાંતો હોવાની બાતમીના આધારે એલસીબી પોલીસે દરોડો પાડ્યો હતો અને રાજેન્દ્રસિંહ ગંભીરસિંહ જાડેજા, હરેશભાઇ મધુભાઈ ભાલોડીયા અને ત્રણ સીનીયર સીટીઝનને ઝડપી લીધા હતા.પોલીસે રૂ. ૫૧,૮૦૦ ની રોકડ ઉપરાંત મોબાઇલ ફોન-૫ નંગ, બે મો.સા.મળી કુલ.કિ.રૂ.૧.૬૧,૮૦૦ ની કિમતનો મુદ્દામાલ કબજે લીધો હતો.વધુ એક દરોડો ધ્રોલ તાલુકાના નથુવડલા ગામમાં ગંજીપતાના પાના વડે પૈસાની હારજીતનો જુગાર રમતો હોવાની બાતમીના આધારે ધ્રોલ પોલીસે દરોડો પાડ્યો હતો અને ફુલદિપગીરી ધર્મેન્દ્રગીરી ગોસાઇ , જયેશભાઇ લાલુભાઈ માવી , હસમુખભાઇ અમરશીભાઇ કગથરા, કરણાભાઈ ડાયાભાઇ મેવાડા, અને મોમભાઈ ઉર્ફે મનોજ ડાયાભાઈ બાંભવાને ઝડપી પાડ્યા હતા.

જ્યારે નીલેશભાઇ કારૂભાઇ ઝાપડા નાસી છૂટીયો હતો. પોલીસે જુગારના આ સ્થળેથી રૂ. ૧૪,૫૦૦ ની રોકડ રકમ તથા ૪ મોબાઈલ અને એક મો.સા મળી કુલ રૂ. ૬૫૦૦૦ ની કિમતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.જ્યારે ધ્રોલ તાલુકાના લૈંયારા ગામ પાસેથી જાહેરમાં ગંજી પાના વડે જુગાર રમી રહેલા કિશોરસિંહ બહાદુર સિંહ જાડેજા સહિત પાંચ પત્તા પ્રેમીઓની પોલીસે અટકાયત કરી લઇ તેઓ પાસેથી રૂપિયા ૨૧,૪૫૦ ની માલમતા કબજે કરી છે.આ ઉપરાંત જામનગર તાલુકાના દરેડ ગામમાં જુગાર રમતો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો અને જયસુખભાઈ હંશરાજભાઈ ઢોલરેયા, રાજેશભાઈ જીણાભાઈ વિરાણી, નારદભાઈ જેરામભાઈ ઢોલરીયા અને ઓધવજીભાઈ હરજીભાઈ ઢોલરીયાને રૂ. ૨૦૩૫૦ ની રોકડ રકમ સાથે પોલીસે ઝડપી લીધા હતા.જ્યારે જામજોધપુર તાલુકાના બુટાવદર ગામમાં જુગાર રમાંતો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો અને રણજીતભાઇ વાલાભાઇ મકવાણા, મનોજ રણજીતભાઇ , ચંદ્રિકાબેન કાનાભાઇ મેઘાભાઇ મકવાણા મંજુબેન રણજીતભાઇ વાલાભાઇ મકવાણા, ભાનુબેન ભિખાભાઇ સોલંકી અને સોનલબેન રાજુભાઇ વારગીયાને રૂ.૫૪૫૦ ની રોકડ સાથે ઝડપી લીધા હતા.જામજોધપુર તાલુકાના બાવડીયાનેશ ગામમાં પોલીસે જુગાર અંગેનો દરોડો પાડી સુરેશભાઇ ભીખુભાઇ ડાભી, વાસુભાઇ કાન્તીભાઇ ભાલોડીયા, રાજકુમાર ઉર્ફે રાજ મનસુખભાઇ ભાલોડીયા, રમેશભાઇ હમીરભાઇ બારૈયા , સુનીલભાઇ જસમતભાઇ કુડેચા , નરેશભાઈ પ્રવીણભાઇ વરાણીયાને રૂ.૧૨૪૦૦ ની રોકડ સાથે પોલીસે ઝડપી લીધા હતા.જ્યારે જામનગરના કૈલાશ નગર ઓમ રેસીડેન્સીના પાર્કિંગ પાસે જુગાર રમતા રાજેન્દ્રભાઇ ભાણજીભાઇ તાળા, સંજયભાઇ ધનજીભાઇ વેકરીયા, શોભનાબેન યોગેશભાઇ કોઠીયા, જીજ્ઞાબેન રાજેશભાઇ સુદાણી, ગીતાબેન સંજયભાઇ વેકરીયા, પ્રજ્ઞાબેન ચંદ્રેશભાઈ ધામેલીયા, કાંતાબેન મનસુખભાઇ ઘાડીયા, રૂપલબેન હિતેષભાઇ તરાવીયાને રૂ.૧૦૪૧૫ ની રોકડ સાથે પોલીસે ઝડપી લીધા હતા . ધ્રોલમાં ગંજીપાનાથી જુગાર રમતા હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડયો હતો અને મેરામણભાઈ રામાભાઈ ગમાર, લાલાભાઈ ભુરાભાઈ ગમારા, કાનાભાઈ બાબુભાઈ ગમારા, કરણાભાઈ મેરાભાઈ વરૂ, કિશનભાઈ કારાભાઈ લાંબરીયાને રૂ.૮૩૦૦ ની રોકડ રકમ સાથે ઝડપી લીધા હતા.કાલાવડ તાલુકાના ડેરી ગામમાં પોલીસે જુગારની બાતમીના આધારે દરોડો પડ્યો હતો. અને રાજપાલસિંહ રામદેવસિંહ જાડેજા, રવીરાજસિંહ સહદેવસિંહ જાડેજા, રામદેવસિંહ ઘનશ્યામસિંહ જાડેજા, લખુભા ઉર્ફે લક્કી ગોપાલસિંહ જાડેજા, દિગુભા ઉદુભા જાડેજા, કાનાભાઇ ઘોઘાભાઈ માટીયા અને વિપુલભાઇ રવુભાઇ રાઠોડને રૂ.૧૩૨૩૦ ની રોકડ સાથે ઝડપી લીધા હતા.આ ઉપરાંત જામજોધપુરના વાવડીયા ગામે પોલીસે જુગાર અંગેના બે દરોડા પાડ્યા હતા. જેમાં ટાઉન વિસ્તારમાં જાહેરમાં ગંજીપના વડે જુગાર રમતા સરેશ ભીખુભાઇ ડાભી, વસુભાઇ કાંતિભાઈ ભલીડિયા, રાજકુમાર મનસુખભાઈસ ભલોડિયા, રમેશ હમીરભાઈ બારૈયા અને સુનિલ જસમતભાઈ કુડેચા નામના પાંચ શખ્સોને ઝડપી લઈ તેઓ પાસેથી રૂ. ૧૨૪૦૦ ની રોકડ કબ્જે કરી છે.જ્યારે બીજા દરોડામાં શૈલેષ મગનભાઈ ડાભી, પ્રવીણ ચંદુભાઈ કુંવરિયા, વાલાભાઈ કાનભાઈ બલોલિયા, જયેશ પ્રવીણભાઈ પાટડીયા અને ધર્મેન્દ્ર રાજાભાઇ પરમાર સહિત પાંચ શખ્સોની અટકાયત કરી તેઓ પાસેથી રોકડ રૂપિયા ૧૦૧૦૦ કબ્જે કર્યા છે.

# જામનગર શહેરમાં લૂંટને અંજામ આપનાર બે શખ્સોને એલસીબી પોલીસે ઝડપી પાડ્યા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં લૂંટને અંજામ આપનાર બે શખ્સોને એલસીબી પોલીસે ઝડપી પાડ્યા છે. પોલીસે આરોપીઓ પાસેથી રોકડ રૂપિયા, મોબાઈલ ફોન તથા રીક્ષા મળી કુલ રૂ.૫૮,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.ગત તા.૦૨/૦૮/૨૦૨૫ના રોજ ફરિયાદી નન્હેકુમાર બાબુલાલ રાજવર (રહે. ઉપ બજાર, થાના રૂદ્રપુર, જિ.દેવરીયા, ઉત્તરપ્રદેશ, હાલ ખંડેરા, તા.કાલાવડ, જિ.જામનગર) પોતાના વતનથી રાજકોટ થઈ જામનગર એસટી ડેપો ખાતે આવ્યા હતા. ત્યાં તેમણે એક અજાણ્યા વ્યક્તિને જમવાનું ગોતી આપવાનું કહેતા, તે વ્યક્તિએ એક રીક્ષા ચાલકને બોલાવ્યો હતો.બંને જણાએ ફરિયાદીને રીક્ષામાં બેસાડી પ્રદર્શન ગ્રાઉન્ડમાં અંધારામાં લઈ ગયા હતા. ત્યાં તેમણે ફરિયાદીને ઢીકાપાટુનો માર મારી જમીન પર પછાડી દઈ જાનથી મારી નાખવાની



ધમકી આપી હતી. આરોપીઓએ ફરિયાદી પાસેથી ઓપો કંપનીનો મોબાઈલ ફોન, રોકડા રૂ.૪,૮૦૦ તથા પાકીટ બળજબરીથી લૂંટી લીધા હતા.આ ઘટના અંગે જામનગર સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. જામનગર જિલ્લાના પોલીસ વડા પ્રેમસુખ ડેલૂએ ગંભીર પ્રકારના ગુના શોધવા એલસીબીને સૂચના આપી હતી. એલસીબીના વી.એમ.લગારીયાના માર્ગદર્શન હેઠળ PSI પી.એન.મોરી તથા PSI સી.એમ.કાંટેલીયા અને સ્ટાફના માણસોની અલગ અલગ ટીમો બનાવવામાં આવી હતી.પોલીસે બનાવવાળી જગ્યાની મુલાકાત લઈ, સીસીટીવી ફૂટેજ ચેક કરી, ટેકનિકલ અને હ્યુમન સોર્સનો ઉપયોગ કરી તપાસ હાથ ધરી હતી. એલસીબી સ્ટાફના કાસમભાઇ બ્લોચ, યુવરાજસિંહ ઝાલા તથા રૂષીરાજસિંહ વાળાને મળેલ ખાનગી માહિતીના આધારે જામનગર શહેરમાં વિક્ટોરીપુલથી નુરી ચોકડી તરફ જતા રોડ ઉપર જાગનાથ સોસાયટી સામેથી આરોપીઓને ઝડપી પાડ્યા હતા.પકડાયેલા આરોપીઓમાં યોગેશભાઇ ઉર્ફે કાનો રમેશભાઇ મકવાણા (રહે. ધરારનગર-૨, આવાસ કોલોની બ્લોક નંબર-૭/૧૦, જામનગર) અને અજયભાઇ ઉર્ફે કાળીયો જેન્તીભાઇ રાઠોડ (રહે. શંકરટેકરી, પાણીના ટાકા પાસે, જામનગર)નો સમાવેશ થાય છે. પોલીસે આરોપીઓ પાસેથી એક ઓપો કંપનીનો મોબાઈલ ફોન કિ.રૂ.૪,૦૦૦, રોકડ રૂપિયા ૪,૮૦૦ અને સીએનજી રીક્ષા કિ.રૂ.૫૦,૦૦૦ મળી કુલ રૂ.૫૮,૮૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આરોપીઓ વિરુદ્ધ એએસઆઈ દિલીપભાઇ તલાવડીયાએ કાયદેસરની કાર્યવાહી કરી આગળની તપાસ માટે સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશન તરફ મોકલી આપ્યા છે.

# જામનગર ગ્રામ્યના ડીવાયએસપી રાજેન્દ્ર દેવધાને મુખ્યમંત્રીના હસ્તે રાષ્ટ્રપતિ ચંદ્રક એનાયત







**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ગ્રામ્ય વિસ્તારના ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ (DYSP) રાજેન્દ્ર દેવધાને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે રાષ્ટ્રપતિ ચંદ્રક એનાયત કરવામાં આવ્યો છે. ગુજરાત પોલીસ અકાદમી કરાઈ ખાતે યોજાયેલા ચંદ્રક અલંકરણ સમારોહમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહ્યા હતા.આ સમારોહમાં પોલીસ દળમાં કર્તવ્ય નિષ્ઠાથી ઉત્કૃષ્ઠ ફરજો બજાવવા માટે ગુજરાત પોલીસના ૧૧૮ અધિકારીઓ અને કર્મચારીઓને રાષ્ટ્રપતિ ચંદ્રક એનાયત કરવામાં આવ્યા હતા. DYSP રાજેન્દ્ર દેવધા જામનગર ગ્રામ્ય વિસ્તારમાં કડક અધિકારી તરીકેની છાપ ધરાવે છે. તેમના કાર્યકાળ દરમિયાન અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. તેમની આગેવાની હેઠળ ગેરકાયદેસર દબાણો પર બુલડોઝર ફેરવવાની કાર્યવાહી પણ કરવામાં આવી હતી.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ચંદ્રક મેળવનાર સૌ પોલીસ અધિકારી-કર્મચારીઓને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું કે સમગ્ર પોલીસ દળની ફરજ નિષ્ઠા અને કર્તવ્ય ભાવનાથી શાંતિ, સલામતી અને સુરક્ષા સાથે ગુજરાત દેશના વિકાસનું રોલ મોડલ બની શક્યું છે.મુખ્યમંત્રીએ ચંદ્રક મેળવનારા પોલીસ કર્મીઓના પરિવારજનોને પણ અભિનંદન આપ્યા હતા. તેમણે કહ્યું કે પોલીસની કપરી ફરજો બજાવવા માટે પરિવારનો સહયોગ અને સહકાર પણ એટલો જ જરૂરી છે. તેમણે ઉમેર્યું કે પોલીસ એટલે પ્રજાનો રક્ષક અને જાન-માલનો પહેરેદાર એ સહજ ભાવ સમાજમાં વણાઈ ગયો છે. લોકોમાં પોલીસ પ્રત્યે ભરોસો અને અપાર વિશ્વાસ છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે સમાજને રંજાડનારા તત્વો અને ગુનાહિત માનસિકતા વાળા લોકોને પોલીસનો ડર રહે તેવો રૂઆબ અને રૂતબો પોલીસ વરદીનો હોવો જોઈએ.તેમણે વધુમાં ઉમેર્યું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પોલીસ બેડામાં તાલીમ અને પ્રશિક્ષણની આખી તાસીર બદલીને નવા પડકારોને પહોંચી વળે તેવા આધુનિક અને સ્માર્ટ પોલિસીંગનો વિચાર આપ્યો છે. DYSP રાજેન્દ્ર દેવધાને મળેલા રાષ્ટ્રપતિ ચંદ્રકથી સમગ્ર જામનગર જિલ્લા પોલીસમાં ખુશીની લાગણી પ્રસરી ગઈ છે.

# ઉનાના વરસિંગપુર ગામે દીકરી ઉપર દુષ્કર્મની ઘટના લઈ કડક કાર્યવાહી કરવા માંગ

## ઉના પ્રાંત કચેરી ખાતે ગ્રામજનોએ આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના તાલુકાના વરસિંગપુર ગામે થોડા દિવસો પહેલા એક દીકરી ઉપર દુષ્કર્મનો મામલો સામે આવ્યો હતો તે બાબતે થોડા દિવસો પહેલા ઉના પોલીસ મથકે સમગ્ર ગ્રામજનો તેમજ દીકરીના વાલી ત્યાં પહોંચી અને રજૂઆત કરી હતી આ ઘટના બનતા તાલુકામાં ચકચાર મોચી જવા પામી હતી ઉના પોલીસે ફરિયાદ નોંધ હતી જેને લઇ પરિવાર જનો અને ગામજનો દ્વારા દીકરીને ન્યાય મળે તે



બાબતે ઉના પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવ્યું હતું દીકરી ઉપર દુષ્કર્મ કરનાર નરાધમ દિકરીને લગ્ન ની લાલચ આપી ઉપાડી જય અને તેના પર ગેંગરેપ થયાની ફરિયાદ નોંધાઇ નોંધવામાં આવે તે બાબતે તેને લગતી કલમો નોધી અને આરોપીઓ ને પકડી પાડી ધોરણ સરની ની કાર્યવાહી કરવામાં આવે અને જે આમાં સામેલ હોય તેવા લોકોને ફાંસી આપવામાં આવે જેથી આવો બનાવ બીજી કોઈ દીકરી પર ન બને તેવી માંગ સાથે ઉના પ્રાંત કચેરી અને ઉના વિભાગ dy sp કચેરી ખાતે આવેદન પત્ર આપવામાં આવ્યું.. અને ધારદાર રજૂઆત કરવામાં આવી

# ગોંડલ રોડ યુવાને ઝેરી દવા - પી કર્યો આપઘાતનો પ્રયાસ

## કાળીપાટ ગામે યુવાને પોતાની જાતે પેટમાં - ડીસમીસ ભોંકી દેતા સારવારમાં ખસેડાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં આવેલા નવલનગરમાં રહેતા યુવાને ગોંડલ રોડ ઉપર હતો ત્યારે કોઈ અગમ્ય કારણસર ઝેરી દવા પી લીધી હતી. યુવકની ઝેરી અસર થતા સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ શહેરમાં મવડી મેઈન રોડ ઉપર આવેલ નવલનગરમાં રહેતા ધર્મેન્દ્ર વલકુભાઈ માંજરીયા નામનો ૩૮ વર્ષનો યુવાન સવારના પાંચેક વાગ્યાના અરસામાં ગોંડલ રોડ ઉપર શ્રીરામ રોલેક્સ - ફેક્ટરીની સામે હતો ત્યારે કોઈ અગમ્ય કારણસર ઝેરી દવા પી લીધી હતી.

યુવકને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. આ ઉપરાંત અન્ય બીજા બનાવમાં શહેરની ભાગોળે ભાવનગર રોડ ઉપર આવેલા કાળીપાટ ગામે રહેતા કિશોર વાલજીભાઈ પરમાર નામનો ૨૪ વર્ષનો યુવાન રાત્રીના એકાદ વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતો ત્યારે કોઈ અગમ્ય કારણસર પોતાની જાતે પેટમાં ડિસમિસ હુલાવી દીધું હતું. યુવકને ઈજા પહોંચતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગર પાલિકા હસ્તકની ગૌશાળામાં "કેર ફોર હ્યુમીનિટી ફાઉન્ડેશન" દ્વારા ૨૦૦૦ લાડુ તથા ૨૦૦૦ રોટલી ગાયોને ખવડાવાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં પશુ નિયંત્રણ પોલીસીની અમલવારી કરવાના અનુસંધાને મ્યુનિ. કમિશ્નર ડી.એન. મોદી અને નાયબ કમિશ્નર દેવેન્દ્રસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ શહેરમાં રખડતા ભટકતા પશુઓને પકડવાની કામગીરી કરવામાં આવી રહી છે, આ પશુઓને મ.ન.પા હસ્તકની અલગ અલગ ત્રણ ગૌશાળાઓમાં રાખવામાં આવે છે.

જામનગર મહાનગરપાલિકા હસ્તકની હાપા ગૌશાળા ખાતે કેર ફોર હ્યુમીનિટી ફાઉન્ડેશન દ્વારા ૨૦૦૦ લાડુ તથા ૨૫૦૦ રોટલી ગાયોને ખવડાવીને શહેરીજનોને પ્રેરણાદાયક ઉદાહરણ પૂરું પાડયું છે. ઉમદા કાર્ય, શહેરના લોકોને



જાહેરમાં ઘાસચારો ન નાખવા અને આ પ્રકારનું દાન-પુણ્ય કાર્ય કરવા પ્રેરણા આપે છે. આથી શહેરીજનોને જાહેર રોડ રસ્તા પર ઘાસચારો ન નાખવા અપીલ કરવામાં આવી છે, અને જો ઘાસચારો કે અન્ય પ્રકારે દાન-પુણ્ય કરવું હોય તો JMC Connect App. મારફત દાન આપવા અથવા મ.ન.પા. હસ્તકની ગૌશાળાઓ ખાતે રૂબરૂ દાન આપવા જામનગર મહાનગરપાલિકા આહ્વાન કરે છે.

# આરપીએફ રાજકોટ ડિવિઝને જુલાઈમાં નોંધપાત્ર કામગીરી કરી, મુસાફરોની સુરક્ષા અને સુવિધાને પ્રાધાન્ય આપ્યું




**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનમાં રેલવે સુરક્ષા બળ (આરપીએફ) એ જુલાઈ ૨૦૨૫ (૧૫.૦૭.૨૦૨૫ થી ૩૧.૦૭.૨૦૨૫ સુધી) દરમિયાન ''સેવા હી સંકલ્પ'' અભિયાન હેઠળ ઉત્કૃષ્ટ કામગીરી કરીને મુસાફરોની સુરક્ષા અને સુવિધા સુનિશ્ચિત કરવામાં પ્રશંસનીય ભૂમિકા ભજવી છે. આઈજી-કમ-પ્રિન્સિપલ ચીફ સિક્યોરિટી કમિશનર અજય સદાણીના કુશળ નેતૃત્વ હેઠળ, આરપીએફએ વિવિધ અભિયાનો દ્વારા રેલવે પરિસર અને મુસાફરોની સુરક્ષાને પ્રાથમિકતા આપી છે.

મુખ્ય અભિયાનો અને સિદ્ધિઓ

૧. ઓપરેશન અમાનત આ અભિયાન હેઠળ, આરપીએફએ જુલાઈમાં મુસાફરો દ્વારા ભૂલી ગયેલા સામાનને પરત સોંપવાનું પ્રશંસનીય કાર્ય કર્યું. ડિવિઝનમાં મુસાફરોનો કુલ ૧,૮૬,૧૭૦ની કિંમતનો સામાન, જેમાં ૧૫થી વધુ મુસાફરોનો સામાન સામેલ હતો, સુરક્ષિત રીતે તેમને પરત કરવામાં આવ્યો.

૨. ઓપરેશન નન્હેં ફરિશ્તે આરપીએફની ''ઓપરેશન નન્હેં ફરિશ્તે'' ટીમે ઘરેથી ભાગી ગયેલા બાળકોને તેમના પરિવારો સાથે ફરીથી મિલન કરાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી. જુલાઈમાં, એક ૧૬ વર્ષના બાળકને તેના પરિવારજનોને સુરક્ષિત રીતે સોંપવામાં આવ્યો.

૩. ઓપરેશન સમય પાલન ટ્રેનોના સમયસર સંચાલનમાં અવરોધ ઊભો કરનારાઓ સામે આરપીએફએ કડક કાર્યવાહી કરી. ''ઓપરેશન સમય પાલન'' હેઠળ, ડિવિઝનમાં ચેઈન પુલિંગના ૩૨ કેસોમાં ૨૫ આરોપીઓને પકડવામાં આવ્યા અને તેમની સામે રેલવે અધિનિયમ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી.

૪. મેરી સહેલી એકલા મુસાફરી કરતી મહિલાઓની સુરક્ષા માટે ''મેરી સહેલી'' ટીમે જુલાઈમાં ૧૭૪ ટ્રેનોમાં ૧,૭૫૪ મહિલા મુસાફરોને માર્ગદર્શન અને સહાય પૂરી પાડી. ટીમે તેમને મુસાફરી દરમિયાન કોઈ પણ મુશ્કેલીમાં મદદ માટે હેલ્પલાઇન નંબર ૧૩૯ વિશે પણ માહિતી આપી.

૫. ઓપરેશન જન-જાગરણ આરપીએફએ ''ઓપરેશન જન-જાગરણ'' અભિયાન હેઠળ મુસાફરો અને સામાન્ય જનતાને જાગૃત કરવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કર્યું. આમાં બેનરો, પી.એ. સિસ્ટમ પર જાહેરાતો અને ગામના સરપંચો સાથે બેઠકોનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમોમાં રેલવે લાઇન પાર ન કરવા, ટ્રેનો પર પથ્થરબાજી ન કરવા, નશાખોરી, મહિલા સુરક્ષા અને માનવ તસ્કરી જેવા મહત્ત્વપૂર્ણ વિષયો પર માહિતી આપવામાં આવી.

આરપીએફ રાજકોટ ડિવિઝને આ અભિયાનો દ્વારા પોતાની પ્રતિબદ્ધતા અને કાર્યક્ષમતાનો પરિચય આપ્યો છે, જેનાથી મુસાફરોમાં સુરક્ષાની ભાવના વધુ મજબૂત થઈ છે.

# રાજકોટ રેલવે ડિવિઝને 'પ્રભાત ફેરી' અને 'નુક્કડ નાટક' દ્વારા આપ્યો સ્વચ્છતાનો સંદેશ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન દ્વારા 'સ્વાતંત્ર્ય દિવસ સમારોહ-૨૦૨૫'ના ભાગરૂપે 'સ્વચ્છ રેલ સ્વચ્છ ભારત' થીમ પર એક અનોખું જાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યું. રાજકોટ ડિવિઝન રેલ પ્રબંધક શ્રી ગિરિરાજ કુમાર મીનાના નેતૃત્વ હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં પ્રભાત ફેરી અને નુક્કડ નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પહેલમાં ડિવિઝન ના શાખા અધિકારીઓ, કર્મચારીઓ, અને સ્કાઉટ્સ એન્ડ ગાઇડ્સ સહિત આશરે ૧૫૦ લોકોએ ભાગ લીધો હતો. આ પ્રભાત ફેરી ડિવિઝન રેલ પ્રબંધક કાર્યાલય, રાજકોટ થી શરૂ થઈને કોઠી કમ્પાઉન્ડ રેલવે કોલોની થઈને રાજકોટ રેલવે સ્ટેશન પર સમાપ્ત થઈ હતી. પ્રભાત ફેરીનો મુખ્ય ઉદ્દેશ્ય સામાન્ય જનતાને રેલવેની સ્વચ્છતામાં સામેલ થવા માટે પ્રેરિત કરવાનો હતો. આમાં સ્થાનિક શાળાના બાળકો અને સ્કાઉટ્સ એન્ડ ગાઇડ્સની ભાગીદારી ખાસ રહી, જેથી નવી પેઢીમાં પણ સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ અને જવાબદારીની ભાવના વિકસી શકે.

પ્રભાત ફેરી બાદ, રાજકોટ રેલવે સ્ટેશન પર 'સ્વચ્છ રેલ સ્વચ્છ ભારત' પર આધારિત એક પ્રભાવશાળી નુક્કડ નાટક રજૂ કરવામાં આવ્યું. નાટકના માધ્યમથી સ્વચ્છતાનો સંદેશ મનોરંજક રીતે લોકો સુધી પહોંચાડવામાં આવ્યો. ડિવિઝન રેલ પ્રબંધક ગિરિરાજ કુમાર મીનાએ તમામ સહભાગીઓની પ્રશંસા કરી અને તેમને પ્રોત્સાહિત કર્યા. આ પ્રકારના આયોજનોથી રેલવે એ સુનિશ્ચિત કરવા માંગે છે કે સ્વચ્છતા માત્ર એક સૂત્ર નહિ, પરંતુ આપણી સૌની આદત બની જાય.

# રાજકોટમાં ૨૩.૩૦ લાખનો દારૂ ભરેલી બોલેરો કાર પકડાઈ

## ૩૨૮૮ બોટલ દારૂ સહિત ૨૮.૮૦ લાખનો મુદ્દામાલ જપ્તઃ ત્રણ શખ્સની શોધખોળ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે રાજકોટ ગોંડલ હાઈવે પરથી ક્રાઈમ બ્રાન્ચની ટીમે બાતમીના આધારે રૂા.૨૩.૩૦ લાખનો દારૂ ભરેલી બોલેરો સાથે એક શખ્સને ઝડપી લીધો હતો. પોલીસે ૩૨૮૮ બોટલ દારૂ અને વાહન મળી કુલ રૂા.૨૮.૮૦ લાખનો મુદામાલ કબજે કરી ધરોણસરની કાર્યવાહી હાથ ધરી છે. જયારે આરોપીની પૂછપરછમાં દારૂ મંગાવનાર જંગલેશ્વરના શખ્સનું નામ અને મોકલનાર ચોરડીના શખ્સનું નામ ખુલતા બને શોધખોળ હાથ ધરી છે. જાણવા મળતી વિગત મુજબ કાઈમ બ્રાન્ચના પીએસઆઇ વી.ડી.ડોડીયા, એએસઆઇ વિજય સોઢા, હેડ કોન્સ્ટેબલ કિશન ભાંભર, અરવિદફતેહણરા, કરણ કોઠીવાળ, મહાવિરસિંહ જાડેજા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો દરમિયાન વહેલી સવારે રાજકોટ ગોંડલ હાઈવે પર ગોંડલ તરફથી દારૂ ભરેલી બોલેરો આવતી હોવાની ચોક્કસ બાતમીના આધારે સ્ટાફ દ્વારા ગોંડલ હાઈવે પર પરની ફર્નીચર નજીક વોચ ગોઠવી હતી. દરમિયાન ત્યાની બાતમી મુજબની બોલેરો પસાર તેને અટકાવી તલાસી લેતા બોલેરો માંથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલ નંગ. ૩૨૮૮ કિ.૨૩,૩૦,૦૧૬ મળી આવી હતી. જેથી પોલીસે બોલેરો ચાલક અજય જેન્તીભાઇ મકવાણા રહે. પાટીદડ તાલુકો ગોંડલને ઝડપી લઈ દારૂ અને બોલેરો મળી કુ લ રૂા.૨૮,૮૦,૦૧૬નો મુદામાલ કબજે કર્યો હતો. પકડાયેલા બોલેરો ચાલકની પૂછપરછ કરતા દારૂ ભરેલી બોલેરો તેને ચોરડી ગામના સોહીલ સલીમભાઈ માંડમે આપી હોવાનુ અને આ દારૂનો જથ્થો જંગલેશ્વરમાં રહેતા મેહબુબ મીરને આપવાનોહોવાનુ જણાવતા પોલીસે દારૂ મોકલનાર ચોરડીના સોહીલ અને જંગલેશ્વરના મહેબુબને પકડવા ચક્રોગતીમાન કર્યા છે.

# રાજકોટ ડિવિઝનમાં ડબલ ટ્રેકનાં કામના કારણે ટ્રેન વ્યવહારને અસર થશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ડિવિઝનમાં આવેલા લાખાબાવળ-પીપળી-કાનાલુસ સેક્શનમાં ડબલ ટ્રેકના કામના કારણે ૫ ઓગસ્ટથી ૨૩ ઓગસ્ટ, ૨૦૨૫ સુધી ટ્રેન વ્યવહાર પ્રભાવિત થશે. પ્રભાવિત થનાર ટ્રેનોની વિગતો નીચે મુજબ છે

**રદ કરાયેલી ટ્રેનો :** ટ્રેન નં. ૫૯૫૫૨ ઓખા-રાજકોટ લોકલ ૦૬.૦૮.૨૦૨૫ થી ૨૨.૦૮.૨૦૨૫ સુધી રદ રહેશે., ટ્રેન નં. ૫૯૫૫૧ રાજકોટ-ઓખા લોકલ ૦૬.૦૮.૨૦૨૫ થી ૨૨.૦૮.૨૦૨૫ સુધી રદ રહેશે., ટ્રેન નં. ૧૯૨૫૧ ઓખા-વેરાવળ એક્સપ્રેસ ૨૦.૦૮.૨૦૨૫ થી ૨૨.૦૮.૨૦૨૫ સુધી રદ રહેશે., ટ્રેન નં. ૧૯૨૫૨ વેરાવળ-ઓખા એક્સપ્રેસ ૨૦.૦૮.૨૦૨૫ થી ૨૨.૦૮.૨૦૨૫ સુધી રદ રહેશે.

**આંશિક રીતે રદ કરાયેલી ટ્રેનો :** ટ્રેન નં. ૫૯૨૦૬ પોરબંદર-કાનાલુસ લોકલ ૦૬.૦૮.૨૦૨૫ થી ૨૨.૦૮.૨૦૨૫ સુધી લાલપુર જામ-કાનાલુસ વચ્ચે આંશિક રીતે રદ રહેશે., ટ્રેન નં. ૫૯૨૦૫ કાનાલુસ-પોરબંદર લોકલ ૦૬.૦૮.૨૦૨૫ થી ૨૨.૦૮.૨૦૨૫ સુધી કાનાલુસ-લાલપુર જામ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

**ટ્રેનોનું સ્ટોપેજ રદ થવું :** ટ્રેન નં. ૧૯૨૦૯ ભાવનગર-ઓખા એક્સપ્રેસ ૦૬.૦૮.૨૦૨૫ થી ૨૩.૦૮.૨૦૨૫ સુધી લાખાબાવળ સ્ટેશન પર નહીં ઉભી રહે., ટ્રેન નં. ૧૯૨૧૦ ઓખા-ભાવનગર એક્સપ્રેસ ૦૫.૦૮.૨૦૨૫ થી ૨૨.૦૮.૨૦૨૫ સુધી લાખાબાવળ સ્ટેશન પર નહીં ઉભી રહે.

**રીશિડ્યુલ કરાયેલી ટ્રેનો :** ટ્રેન નં. ૧૯૨૧૦ ઓખા-ભાવનગર એક્સપ્રેસ ૦૮.૦૮.૨૦૨૫ના રોજ ઓખાથી તેના નિર્ધારિત સમયની જગ્યાએ ૨ કલાક અને ૩૦ મિનિટ મોડી એટલે કે ૧૭૪૫ વાગ્યે, ૦૯.૦૮.૨૦૨૫ના રોજ ઓખાથી ૧ કલાક અને ૩૦ મિનિટ મોડી એટલે કે ૧૬૪૫ વાગ્યે, ૧૦.૦૮.૨૦૨૫ના રોજ ઓખાથી ૧ કલાક અને ૩૦ મિનિટ મોડી એટલે કે ૧૬:૪૫ વાગ્યે, ૧૧.૦૮.૨૦૨૫ના રોજ ઓખાથી ૧ કલાક અને ૩૦ મિનિટ મોડી એટલે કે ૧૬૪૫ વાગ્યે, ૧૨.૦૮.૨૦૨૫ના રોજ ઓખાથી ૧ કલાક અને ૪૦ મિનિટ મોડી એટલે કે ૧૬:૫૫ વાગ્યે, ૧૩.૦૮.૨૦૨૫ના રોજ ઓખાથી ૧ કલાક અને ૩૦ મિનિટ મોડી એટલે કે ૧૬:૪૫ વાગ્યે, ૧૪.૦૮.૨૦૨૫ના રોજ ઓખાથી ૨ કલાક અને ૨૦ મિનિટ મોડી એટલે કે ૧૭:૩૫ વાગ્યે, ૧૫.૦૮.૨૦૨૫ના રોજ ઓખાથી ૨ કલાક અને ૩૦ મિનિટ મોડી એટલે કે ૧૭:૪૫ વાગ્યે, ૧૬.૦૮.૨૦૨૫ના રોજ ઓખાથી ૧ કલાક અને ૩૦ મિનિટ મોડી એટલે કે ૧૬:૪૫ વાગ્યે, ૧૭.૦૮.૨૦૨૫ના રોજ ઓખાથી ૧ કલાક અને ૩૦ મિનિટ મોડી એટલે કે ૧૬૪૫ વાગ્યે, ૧૮.૦૮.૨૦૨૫ના રોજ ઓખાથી ૧ કલાક અને ૩૦ મિનિટ મોડી એટલે કે ૧૬:૪૫ વાગ્યે અને ૧૯.૦૮.૨૦૨૫ના રોજ ઓખાથી ૧ કલાક અને ૩૦ મિનિટ મોડી એટલે કે ૧૬:૪૫ વાગ્યે ઉપડશે.

ટ્રેન નં. ૨૨૯૬૯ ઓખા-બનારસ એક્સપ્રેસ ૧૪.૦૮.૨૦૨૫ના રોજ ઓખાથી તેના નિર્ધારિત સમયની જગ્યાએ ૨ કલાક અને ૫૦ મિનિટ મોડી એટલે કે ૧૭:૧૫ વાગ્યે ઉપડશે.

**માર્ગમાં રેગ્યુલેટ (મોડી) થનારી ટ્રેનો :** ટ્રેન નં. ૨૨૯૨૫/૨૨૯૨૬ અમદાવાદ-ઓખા-અમદાવાદ વંદે ભારત ૦૬.૦૮.૨૦૨૫ થી ૨૨.૦૮.૨૦૨૫ સુધી માર્ગમાં ૩૦ મિનિટ સુધી મોડી થઈ શકે છે., ટ્રેન નં. ૧૯૨૧૦ ઓખા-ભાવનગર એક્સપ્રેસ ૦૬.૦૮.૨૦૨૫ અને ૦૭.૦૮.૨૦૨૫ના રોજ માર્ગમાં ૩૦ મિનિટ મોડી થશે., ટ્રેન નં. ૨૨૯૬૯ ઓખા-બનારસ એક્સપ્રેસ ૦૭.૦૮.૨૦૨૫ના રોજ માર્ગમાં ૩૦ મિનિટ મોડી થશે., ટ્રેન નં. ૧૯૫૭૬ નાથદ્વારા-ઓખા એક્સપ્રેસ ૦૮.૦૮.૨૦૨૫ અને ૧૫.૦૮.૨૦૨૫ના રોજ માર્ગમાં ૪ કલાક અને ૨૫ મિનિટ મોડી થશે., ટ્રેન નં. ૨૨૯૪૦ બિલાસપુર-ઓખા એક્સપ્રેસ ૧૨.૦૮.૨૦૨૫ના રોજ માર્ગમાં ૩ કલાક અને ૨૫ મિનિટ મોડી થશે., ટ્રેન નં. ૨૦૯૬૭ ઉમદનગર-પોરબંદર એક્સપ્રેસ ૧૪.૦૮.૨૦૨૫ના રોજ માર્ગમાં ૩૦ મિનિટ મોડી થશે.

રેલવે તંત્ર મુસાફરોને વિનંતી છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને પોતાની મુસાફરી શરૂ કરે અને ટ્રેનોના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સની માહિતી માટે www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લે જેથી કરીને કોઈપણ પ્રકારની અસુવિધા ન થાય.

# રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે ધોલેરા-ભાવનગર કનેક્ટિવિટી પ્રોજેક્ટ પર સભામાં નકશો કાઢી ત્વરિત નિર્ણય લીધો




**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભાવનગરની મુલાકાતે આવેલા કેન્દ્રીય રેલ, સંચાર અને ઇલેક્ટ્રોનિક્સ તથા માહિતી પ્રૌદ્યોગિકી મંત્રી અશ્વિની વૈષ્ણવજીએ ધોલેરા-ભાવનગર રેલ કનેક્ટિવિટીના મહત્વપૂર્ણ પ્રોજેક્ટ અંગે ચર્ચા કરી.

મંત્રી, જેમને તેમના વ્યવહારુ દ્રષ્ટિકોણ અને કાર્યક્ષમતા માટે ઓળખખવામાં આવે છે, સંવાદ દરમિયાન સ્થળ પર જ નકશો કાઢીને જોયો અને ત્યાં જ તે સમયે પ્રોજેક્ટને અંતિમ મંજુરી આપી - જે તેમની ત્વરિત કામગીરી અને પ્રતિબદ્ધતાનું અનોખું ઉદાહરણ છે.

મંત્રિજીએ લીધેલો આ ઝડપી નિર્ણય ધોલેરા-ભાવનગર કનેક્ટિવિટી રેલ પ્રોજેક્ટની તાત્કાલિક સમીક્ષા અને વિકસિત ભારત માટેના મહત્વાકાંક્ષી વિકાસ પ્રયાસોને તેજ આપવાના સંકલ્પને દર્શાવે છે. ધોલેરા અને ભાવનગર માટે સારી કનેક્ટિવિટી, તેની લોજિસ્ટિક કાર્યક્ષમતા અને આર્થિક વિકાસ માટે અત્યંત મહત્વપૂર્ણ છે. આ નિર્ણયથી સરકારના મુખ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં ઝડપ લાવવાનો દ્રઢ સંકલ્પ સ્પષ્ટ થાય છે.

**વિકસિત ભારત સંવાદ ભાવનગરના મુદ્દાઓ અને વિકાસ અંગે ચર્ચા**

વિકસિત ભારત સંવાદ અંતર્ગત ભાવનગરના સ્થાનિક ઉદ્યોગકારો અને નાગરિકોએ મંત્રિજી સાથે શહેરની સમસ્યાઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર જરૂરિયાતો અંગે ચર્ચા કરી.

FTR (ફ્રી ટ્રેડ રિપ્રેઝેન્ટેટિવ) સંબંધી પ્રશ્નના જવાબમાં મંત્રીએ ખાતરી આપી કે ભવિષ્યમાં FTR સંબંધિત કોઈ પણ સમસ્યા નહીં રહે.

તેમણે ભાવનગરમાં કન્ટેનર પોર્ટ વિકસિત કરવાનું જાહેર કર્યું, જે ક્ષેત્રના વિકાસ માટે સરકારની પ્રતિબદ્ધતાને દર્શાવે છે. જ્યારે ભાવનગરમાં STPI (સોફ્ટવેર ટેકનોલોજી પાર્ક્સ ઓફ ઈન્ડિયા) મારફતે IT પાર્ક સ્થાપવાની માગણી ઉઠી ત્યારે મંત્રીએ તત્કાલ સંબંધિત અધિકારીને ફોન કરીને આ સુવિધાને મંજૂરી આપવા માટે હકારાત્મક દષ્ટિકોણ દાખવ્યો.

# સંસ્કાર ઈન્ડસ્ટ્રીઝ માં શ્રમિક યુવકની પથ્થરના ઘા ઝીંકી હત્યા

## મૃતકની ઓળખ મેળવવા અને ગુનાનો ભેદ ઉકેલવા સીસીટીવી ફૂટેજના આધારે તપાસનો ધમધમાટ



**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ શહેરમાં સંસ્કાર ઈન્ડસ્ટ્રીઝ એરિયામાંથી શ્રમિક યુવકની પથ્થરના ઘા ઝીંકી હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. પોલીસે મૃતકની ઓળક મેળવવા અને ગુનાનો ભેદ ઉકેલવા સીસીટીવી ફૂટેજના આધારે તપાસનો દૌર લંબાવ્યો છે.

આ બનાવમાં સંસ્કાર ઈન્ડસ્ટ્રીઝ વિસ્તારમા કોમન પ્લોટમા ઝાડી ઝાંખરામા એક યુવાનનો મૃતદેહ પડયો હોવાની માહીતી મળતા ઉચ્ચ અધિકારી સહિતનો પોલીસ સ્ટાફ ઘટના સ્થળે પહોંચી ગયો હતો. ઘટના સ્થળે તપાસ કરતા એક યુવાનને પથ્થરનાં ઘા ઝીંકી હત્યા કરાયેલી હાલતમા મૃતદેહ પડયો હતો. અને જે પથ્થર વડે યુવાનને ઘા ઝીકયા તે પથ્થર પણ બાજુમા પડયો હતો. તેમજ આ ઘટનામા યુવાનનો જમણો કાન કપાય ગયેલી હાલતમા હતો તેમજ તેમનુ પેન્ટ અડધુ ઉતરેલી હાલતમા જોવા મળ્યુ હતુ. આ ઘટનાં મામલે થોરાળા પોલીસે ઘટના સ્થળે જ ઈન્કવેસ્ટ પંચનામુ તેમજ કાગળો કરી મૃતદેહને સિવીલ હોસ્પીટ લે ખસેડવામ ખસેડવામા આવ્યો હતો. યુવાનની ઓળખ મેળવવા પોલીસે થોરાળા વિસ્તારમા ટીમો દોડાવી હતી. હાલ આ યુવાન શ્રમીક હોવાનુ જાણવા મળે છે.

# રાજકોટમાં હદયરોગના હુમલાથી વધુ ત્રણ લોકોના મોત



## એસબીઆઈ બેન્કમાં પગાર લેવા આવેલા સફાઈ કર્મચારી, પરિણીતા અને યુવકનું હાર્ટ બેસી ગયું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ હદયરોગના હુમલાએ હાહાકાર મચાવ્યો હોય તેમ વધુ ત્રણ વ્યક્તિના હૃદયરોગના હુમલાથી મોત નિપજ્યા હોવાની ઘટના સામે આવી છે. જેમાં જકશન મેઈન રોડ ઉપર એસબીઆઈ બેન્કમાં પગાર લેવા આવેલા ગઢડીયા ગામના સફાઈ કર્મચારી, ભીડભંજન સોસાયટીની પરિણીતા અને વાવડીના યુવકનું હાર્ટ એટેકથી મોત નીપજ્યું છે.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ જસદણ તાલુકાના ગઢડીયા ગામે રહેતા મીઠાભાઈ લક્ષ્મણભાઈ પરમાર નામના ૫૦ સફાઈ કર્મચારી સવારના અગિયારેક વાગ્યાના અરસામાં જકશન મેઈન રોડ ઉપર આવેલી એસબીઆઇ બેન્કમાં પોતાનો પગાર લેવા માટે આવ્યા હતા ત્યારે હ્રદયરોગનો હુમલો આવતા

તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેમનું મોત નિપજતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે. પ્રાથમિક પૂછપરછમાં મીઠાભાઈ પરમાર ત્રણ ભાઈ ચાર બહેનમાં વચ્ચેટ હતા અને તેઓ ડેઇલી ગઢડિયા ગામથી રાજકોટ અપ ડાઉન કરી આરએમસીમાં સફાઈ કામદાર તરીકે ફરજ બદલાવતા હતા.

બીજા બનાવમાં સાધુ વાસવાણી રોડ ઉપર ગોપાલ ચોક પાસે આવેલી ભીડ ભંજન સોસાયટીમાં રહેતા મધુબેન રણછોડભાઈ સભાડ નામની ૩૬ વર્ષની પરિણીતા પોતાના ઘરે હતી ત્યારે વહેલી સવારના ચારેક વાગ્યાના અરસામાં બેભાન હાલતમાં ઢળી પડતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી જયાં પરિણીતાનું હદયરોગના હુમલાથી મોત નીપજ્યું હોવાનું ફરજ પરના તબીબે જાહેર કરતાં પરિવારમાં ગમગીની છ્વાઈ જવા પામી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક પરિણીતાને સંતાનમાં એક પુત્રી હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત ત્રીજા બનાવમાં વાવડીમાં આવેલ પુનિતનગર પાસે રહેતા પ્રવીણભાઈ નાનજીભાઈ ટીલાળા નામનો ૪૧ વર્ષનો યુવાન રાત્રીના પોતાના ઘરે હતો ત્યારે બે વાગ્યાના સમયે હદયરોગનો હુમલો આવતા તાત્કાલિક તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો જ્યાં તેની સારવાર કારગત નીવડે તે પૂર્વે જ મોત નિપજતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે. પ્રાથમિક પૂછપરછમાં પ્રવીણભાઈ ટીલાળા બે ભાઈમાં મોટા હતા અને તેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી હોવાનું જાણવા મળ્યું છે. ઉપરોક્ત બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટ રેલવે ડિવિઝને 'પ્રભાત ફેરી' અને 'નુક્કડ નાટક' દ્વારા આપ્યો સ્વચ્છતાનો સંદેશ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન દ્વારા 'સ્વાતંત્ર્ય દિવસ સમારોહ-૨૦૨૫'ના ભાગરૂપે 'સ્વચ્છ રેલ સ્વચ્છ ભારત' થીમ પર એક અનોખું જાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યું. રાજકોટ ડિવિઝન રેલ પ્રબંધક શ્રી ગિરિરાજ કુમાર મીનાના નેતૃત્વ હેઠળ આયોજિત આ કાર્યક્રમમાં પ્રભાત ફેરી અને નુક્કડ નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પહેલમાં ડિવિઝન ના શાખા અધિકારીઓ, કર્મચારીઓ, અને સ્કાઉટ્સ એન્ડ ગાઇડ્સ સહિત આશરે ૧૫૦ લોકોએ ભાગ લીધો હતો. આ પ્રભાત ફેરી ડિવિઝન રેલ પ્રબંધક કાર્યાલય, રાજકોટ થી શરૂ થઈને કોઠી કમ્પાઉન્ડ રેલવે કોલોની થઈને રાજકોટ રેલવે સ્ટેશન પર સમાપ્ત થઈ હતી. પ્રભાત ફેરીનો મુખ્ય ઉદ્દેશ્ય સામાન્ય જનતાને રેલવેની સ્વચ્છતામાં સામેલ થવા માટે પ્રેરિત કરવાનો હતો.

આમાં સ્થાનિક શાળાના બાળકો અને સ્કાઉટ્સ એન્ડ ગાઇડ્સની ભાગીદારી ખાસ રહી, જેથી નવી પેઢીમાં પણ સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ અને જવાબદારીની ભાવના વિકસી શકે. પ્રભાત ફેરી બાદ, રાજકોટ રેલવે સ્ટેશન પર 'સ્વચ્છ રેલ સ્વચ્છ ભારત' પર આધારિત એક પ્રભાવશાળી નુક્કડ નાટક રજૂ કરવામાં આવ્યું. નાટકના માધ્યમથી સ્વચ્છતાનો સંદેશ મનોરંજક રીતે લોકો સુધી પહોંચાડવામાં આવ્યો. ડિવિઝન રેલ પ્રબંધક ગિરિરાજ કુમાર મીનાએ તમામ સહભાગીઓની પ્રશંસા કરી અને તેમને પ્રોત્સાહિત કર્યા. આ પ્રકારના આયોજનોથી રેલવે એ સુનિશ્ચિત કરવા માંગે છે કે સ્વચ્છતા માત્ર એક સૂત્ર નહિ, પરંતુ આપણી સૌની આદત બની જાય.

## ભારતના અગ્રણી ઈલેક્ટ્રિક મોબિલિટી ઈનોવેટર મેટરે

# રાજકોટમાં તેના નવા એક્સપિરિયન્સ હબનું કર્યું ઉદઘાટન



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારતના અગ્રણી ઈલેક્ટ્રિક મોબિલિટી ઈનોવેટર મેટરએ આજે ગુજરાતના રાજકોટમાં તેના નવા એક્સપિરિયન્સ હબનું ઉદઘાટન કરીને સમગ્ર ભારતમાં ઝડપથી વિકસતા તેના રિટેઇલ નેટવર્કમાં મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કર્યું છે. રાજકોટમાં મેટરનું એક્સપિરિયન્સ હબ 3K રાઇડ્સ, શોપ નં. ૨૧ અને ૨૨, વેસ્ટ ગેટ ૨, ૧૫૦ ફુટ રિંગ રોડ, અયોધ્યા ચોક, રાજકોટ ખાતે આવેલું છે, જે રાઇડર્સને બ્રાન્ડની અદ્યતન ઈવી ટેક્નોલોજીનો અનુભવ કરવાની ઉત્તમ તક પ્રદાન કરે છે. આ હબના કેન્દ્રમાં મેટર AERA છે, જે ભારતની પ્રમથ ગિયર્ડ ઈલેક્ટ્રિક મોટરબાઈક છે, જેની ડિઝાઈન અને નિર્માણ સંપૂર્ણપણે ભારતમાં જ કરાયું છે. આ લોંચ કાર્યક્રમમાં મેટરના સહ-સ્થાપક અને ગ્રૂપ સીઓઓ અરૂણ પ્રતાપ સિંઘ, ડિલર પ્રિન્સિપાલ આશિષ પરસાણા, મનોજ દુધરેજીયા, પ્રશાંત સુરૈયા અને રમેશભાઈ પટેલ, સ્થાનિક મહાનુભાવો, સમગ્ર સૌરાષ્ટ્રના ઈવીમાં રૂચિ ધરાવતા વ્યક્તિઓ અને મેટરની લીડરશીપ ટીમના સદસ્યો ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે કંપનીના સહ સ્થાપક અને ગ્રૂપ સીઓઓ અરૂણ પ્રતાપ સિંઘે જણાવ્યું હતું કે, રાજકોટ ગુજરાતની આકાંક્ષાઓ અને ઈનોવેશનનું પ્રતિનિધિત્વ કરે છે. આ શહેર નવી ટેક્નોલોજી અપનાવવા અંગે હંમેશાથી અગ્રેસર રહ્યું છે. અહીં અમારા નવા એક્સપિરિયન્સ હબ સાથે અમે રાઈડર્સ સુધી AERAને રજૂ કરવાની સાથે-સાથે પ્રદેશમાં મજબૂત ઈવી સંસ્કૃતિની રચના પણ કરી રહ્યાં છીએ. રાજકોટ એક્સપિરિયન્સ હબ ફિઝિટલ સ્પેસ તરીકે ડિઝાઈન કરાયું છે, જે ફિઝિકલ જોડાણ અને ડિજિટલ ડિસ્કવરીનું ઉત્તમ મિશ્રણ છે. અહીં મુલાકાતીઓ ટેસ્ટ રાઇડ, પ્રોડક્ટ ફીચર્સ તેમજ મેટરની ટૈક્નોલોજી અને એન્જિનિયરીંગ જોઇ શકે છે તેમજ મોબિલિટીના ભવિષ્યને દર્શાવતા ડિસ્પ્લે સાથે ઈન્ટરેક્ટ કરી શકે છે.

# આર.એસ.એસ.નાં સનિષ્ઠ સ્વયંસેવક જયેશભાઈ સંઘાણીનો આજે જન્મદિવસ



નાનપણથી જ દેશભકિતનાં રંગે રંગાયેલા અતિ શાંત ,સરળ, નિરાભિમાની નમ્ર સૌ કોઈને પોતિકા લાગે તેવા કુશળ સંગઠક ,સંપર્ક અને સંબંધ રાખવામાં માહિર,સૌને સાથે રાખી ચાલનારા પીઢ ધીર ગંભીર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનાં દક્ષિણનગર અને રણુજાનગર,વૃંદાવન નગરનાં નગર કાર્યવાહ અને રાજકોટ મહાનગરના પ્રચાર પ્રમુખ તરીકે રહી ચૂકેલા, સંઘનાં તૃતિય વર્ષ શિક્ષિત. રાષ્ટ્રય સ્વાહા ઈદમ નમઃ, મે નહી તુ જીવન મંત્ર બનાવી સેવા પરમો ધર્મ ખરા અર્થમાં સાર્થક કરી રહેલા , પરિવાર ક્ષેત્રમાં સર્વપ્રિય અજાત શત્રુ સુખ દુઃખના સાથી એવા આત્મીય સ્વજન જીવદયાપ્રેમી જયેશભાઈ સંઘાણીનો આજે જન્મદિવસ છે.

તેઓ વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજ નોલેજ સેન્ટર ગ્રંથાલયમાં કોલેજ સ્થાપનાકાળથી પોતાની સેવાઓ આપેલ, અને લાઇબ્રેરીમાં પ્રોફેસનલ આસીટન્ટ તરીકે તથા પ્રચાર પ્રસારની જવાબદારી પણ વહન કરેલ હતી. હાલ તેઓની આઈ ટી કંપની હાઈપર ફેશ ટેકનોલોજી પુષ્કરધામ મેઈન રોડ ખાતે કાર્યરત છે.

જૈન ધર્મ નાં સિધ્ધાંતો રોમેરોમમાં દોડતા હોઈ તેમનાં ધર્મપત્ની તૃપ્તીબેન તથા બન્ને પુત્રો જૈમીન પુત્રવધુ સપના,તથા અપૂર્વ એ આ અગાઉ ઉપવાસ અઠ્ઠમ અને નવાઈ કરીસાર્થક રીતે પૂર્ણ કરેલા છે. આજનાં શુભ દિવસે તેમનાં મોબાઈલ નં ૯૪૨૮૨૦૦૫૨૦ પર અગ્રણીઓ દવારા જન્મદિવસની શુભેચ્છા વર્ષા થઈ રહી છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# પુત્રવધૂ પર નજર બગાડી સસરાએ તેના બેડરૂમમાં કેમેરા ફિટ કરાવ્યાનો આક્ષેપ

**પતિને ઘરમાંથી બેદખલ કર્યાની જાહેરાત આપી બેન્કમાં કેશિયર તરીકે નોકરી કરતી યુવતીને પ્રેમલગ્ન ભારે પડયા**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાલાવડ રોડ પર કેકેવી સર્કલની બાજુમાં આવેલા શિવાલિક એપાર્ટમેન્ટમાં રહેતી અને ખાનગી બેન્કમાં કેશિયર તરીકે નોકરી કરતી યુવતીને પ્રેમલગ્ન કરવા ભારે પડી ગયા હોય તેવી રીતે પતિ સહિતના સાસરિયા દ્વારા અનહદ ત્રાસ આપવા ઉપરાંત ખુદ સસરાએ નજર બગાડી બેડરૂમમાં સીસીટીવી કેમેરા ફિટ કરાવ્યા હોવાની ફરિયાદ નોંધાવતા ખળવળાટ મચી ગયો હતો.

આ અંગે મીરાબેન રોનક ભાઈ ચાવડાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે તેમના રોનક ચાવડા સાથે ૨૦૨૨માં પ્રેમસંબંધ બાદ લગ્ન થયા હતા. થોડા સમય બાદ જ સાસુ-સસરા, બે નણંદ સહિતે નાની-નાની વાતોમાં ઝગડો શરૂ કરી 'આ ઘરમાં બ્રાહ્મણ જ્ઞાતિના તમારા પિયરના રીત-રિવાજ નહીં ચાલે, અમારા ઘરના જ નિયમ ચાલશે' કહી ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. આ પછી 'તું કામચોર છો' સહિતના વેણ કહી ઝઘડો શરૂ કર્યો હતો. આટલું ઓછું હોય તેમ તું દહેજમાં કંઈ લાવી નથી, માતા-પિતા પાસે ઈલેક્ટ્રોનિક્સ વસ્તુ લાવવા દબાણ શરૂ કર્યું હતું. એક વખત મીરાંબેનના માતા ઘેર આવ્યા ત્યારે પતિ રોનકે તેમને પણ ઘેર આવવાનું ના પાડી દીધી હતી.

પતિ રોનકને દારૂ પીવાની ટેવ હોય તે વારંવાર નશો કરીને ઘેર આવતો હતો અને મીરાંબેનને માર મારતો હતો. સાસુ-સસરા જ્યારે બહારગામ જાય ત્યારે ઘરના દરવાજે લોક મારી દેતા અને મીરાબેન જ્યારે નોકરી પરથી ઘેર આવે ત્યારે દરવાજો ખોલતા ન હોય પોલીસની મદદ લેવી પડતી હતી. સાસુ-સસરા મીરાંબેનના સોનાના દાગીના તેમજ ડોક્યુમેન્ટ પણ લઈ લીધા હતા.

મીરાંબેન જ્યારે ઘરમાં એકલા હોય ત્યારે સસરા રમેશ ચાવડા નજર બગાડી અભદ્ર વર્તન કરતા અને મીરાંબેનના બેડરૂમમાં કેમેરા પણ કિટ કરાવ્યા હતા. સસરાએ અખબારમાં મીરાંબેનના પતિ રોનક સાથે કોઈ સંબંધ નથી તેવી જાહેરાત પણ આપી હતી. જો કે પતિ રોનક મીરાંબેન ઘેર ન હોય ત્યારે આવતો હોવાનું ફરિયાદમાં જણાવ્યું હતું. નણંદ પણ વારંવાર સસરા તેમજ પતિને ચડામણી કરતા હોય સાસરિયાઓ અમાનુષી સીતમ ગુજારતા હોવાની ફરિયાદ કરતા પોલીસે પતિ રોનક ચાવડા, સસરા રમેશ ચાવડા, સાસુ સુધાબેન, નણંદ હિરલ અને બિજલ સામે ગુનો નોંધ્યો હતો.

# રાજકોટના ૨૯ શખસોએ વાંકાનેરના વૃધ્ધાની અમરગઢ-ભીચરીમાં ૧૧ એકર જમીન પચાવી પાડી

**દોઢ વર્ષ પહેલાં જમીન વેચાણ માટે ૭/૧૨ કઢાવવા ગયા તો વૃદ્ધાના હોશકોશ ઉડી ગયાઃ અમરગઢ-ભીચરીની ૧૧ એકર જમીન ભળતાં નામે વારસાઈ નોંધ કરાવી હડપ કરી લીધા બાદ અન્યોને વેચી દેવાઈઃ ૨૦૦૯માં હાસમ જીવા ઘાંચીના વારસદારોને બદલે હાસમ જીવા ધાડાના વારસદારોએ કાંડ કરી નાખ્યુંઃ જમીનનું ત્રણ વખત વેચાણ પણ થઈ ગયું**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે અમરગઢ-ભીચરી ગામે આવેલી વાંકાનેરના મુસ્લિમ વૃદ્ધાની કરોડો રૂપિયાની કિંમતની જમીનમાં ભળતાં નામે વારસાઈ એન્ટ્રી કરાવી લઈ રાજકોટના ૨૯ શખસોના નામે ચડાવી લીધા બાદ આ જમીનના ઉતરોતર વેચાણ-વ્યવહાર પણ કરી નાખવામાં આવ્યા હતા. જો કે સવા વર્ષ પહેલાં આ જમીન વેચવા માટે વૃદ્ધાના પરિવારજનો ૭/૧૨ અને ૮-અના દાખલા મેળવવા ગયા ત્યારે તેઓના પિતાજીની માલિકીની જમીન અન્યોના નામે સ ચડી ગઈ હોવાનું સામે આવતા વૃદ્ધા અને તેમના પરિવારજના હોશકોશ ઉડી ગયા હતા. સમગ્ર મામલે પ્ર.નગર પોલીસ મથકમાં ભળતા નામે વારસાઈ નોંધ કરાવી લેનાર રાજકોટ-ગોંડલના ૨૯ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધાયો હતો.

આ અંગેની વિગતો મુજબ મુળ રાજકોટ તાલુકાના ખેરડી ગામના વતની અને હાલ વાંકાનેર મીલ પ્લોટ ખાતે રહેતા જુબેદાબેન હાસમભાઈ લીંગડિયા (ઉ.વ.૭૯) નામના વૃદ્ધાએ પ્ર.નગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા જાહેર કર્યું હતુ કે તેમના પિતા હાસમભાઈ જીવાભાઈ લીંગડિયાની જમીન રાજકોટ તાલુકાના અમરગઢ-ભીચરી ગામે આવેલી છે. જૂના રેવન્યુ સર્વેનંબર ૮૭, નવા સર્વેનંબર ૧૭૭ પૈકી તથા સર્વેનંબર ૧૭૭ પૈકી ૨ જે ખેતરનું નામ 'લોંઘણચોરા' તરીકે ઓળખાય છે અને અંદાજે ૧૧ એકરથી વધુ જમીન પર તેમના પિતા હાસમભાઈ જીવાભાઈ લીંગડિયા ખેતી કરતા હતા.

દરમિયાન છેલ્લા ૪૦ વર્ષથી હાસમભાઈ જીવાભાઈ જમાભાઈ ઘાંચી વાંકાનેર રહેવા જતા રહ્યા હતા અને બાદમાં આ જમીનની દેખરેખ તેમના પુત્રી જુબેદાબેન, તેમના નાનાભાઈ અલારખાભાઈ અને જુસબભાઈ રાખતા હતા જેમાં તા.૨૮-૧૨-૧૯૯૭ના રોજ હાસમભાઈ જીવાભાઈ જમાભાઈ લીંગડિયાનું વાંકાનેર ખાતે અવસાન થયું હતુ અને બાદમાં વર્ષ ૨૦૨૦માં અલારખાભાઈ અને જુસબભાઈનું પણ અવસાન થતા ખેતીની સમગ્ર જમીનની દેખરેખ જુભેદાબેન તથા અલારખાભાઈનો પુત્ર રહીમ કરતો હતો.

અંદાજે સવા વર્ષ પહેલાં જુબેદાબેન અને તેમના પરિવારજનોએ આ જમીન વેચવાનું નક્કી કરી ૭/૧૨ના દાખલા કરાવવા જતા આ જમીન હિતેશ પ્રેમજી સેલિયા તેમજ અનિલ વિઠ્ઠલભાઈ ખુંટના નામે થઈ ગઈ હોવાનું ૭/૧૨માં જોવા મળતા જુબેદાબેનના ભત્રીજા રહીમભાઈ અલારખાભાઈએ તપાસ કરતા ચોંકાવનારું સત્ય સામે આવ્યું હતું. જેમાં જુબેદાબેનના પિતા હાસમભાઈ જીવાભાઈ જમાભાઈ ઘાંચીના બદલે હાસમભાઈ જીવાભાઈ ગીગાભાઈ ધાડાના વારસદાર હવીબેન હાસમભાઈ ધાડા (રહે.રાજકોટ) તેમજ જીલુબેન ઓસમાણભાઈ ધાડા (રહે.ડેયા ગામ, તા.ગોંડલ) વગેરે ૨૯ લોકોના નામે ગેરકાયદેસર રીતે ભળતા નામે વારસાઈ નોંધ કરાવી હોવાનું સામે આવ્યું હતું.

ઉદલ્લેખનીય છે કે બાદમાં જીલુબેન ઓસમાણભાઈ ધાડા સિવાયના ૨૮ વ્યક્તિઓએ પોતાની વારસાઈ નોંધ ખોટી રીતે મંજૂર કરાવ્યા બાદ બાકીના અન્ય ૨૮ વ્યક્તિઓએ પોતાનો હુક્ક જતો કરી ફારગતિ દસ્તાવેજ કરાવ્યો હતો અને બાદમાં જીલુબેન ઓસમાણભાઈ ધાડાએ વર્ષ-૨૦૧૭માં અનિલ વિઠ્ઠલભાઈ ખુંટ તેમજ દલસુખ પ્રાગજીભાઈ ચોથાણીના નામે વેચાણ દસ્તાવેજ કરાવી લીધો હતો. ત્યારપછી અનિલ વિઠ્ઠલ ખુંટે તેઓનો અવિભાજ્ય હિસ્સો હિતેશ પ્રેમજીભાઈ સેલિયાના નામે વર્ષ-૨૦૧૮માં કરી આપ્યો હતો અને દલસુખ પ્રાગજીભાઈ ચોથાણીએ પોતાનો અવિભાજ્ય હિસ્સો અનિલ વિઠ્ઠલભાઈ ખુંટના નામે ૨૯-૧૦-૨૦૧૮ના રોજ કરી આપ્યો હતો.

ત્યારબાદ આ જમીન અનિલ વિઠ્ઠલભાઈ ખુંટ તેમજ હિતેશ સેલિયાએ આયુષ કમલેશભાઈ રામાણીને વર્ષ-૨૦૨૩માં વેચાણ કરી આપી હતી જેની સામે લેન્ડ રિવિઝન કેસમાં મનાઈ હુકમ ફરમાવેલો હોય આ જમીન રેવન્યુ રેકર્ડમાં આયુષ કમલેશભાઈ રામાણીના નામે ચડી નથી જેથી હાસમભાઈ જીવાભાઈ ધાડાના વારસદારોએ સોગંદનામું અને પેઢીનામું કરી જુબેદાબેનના પિતાજી એટલે કે હાસમભાઈ જીવાભાઈ જમાભાઈ લીંગડિયાની જમીનમાં ગેરકાયદેસર વારસદાર હોવાનું જણાવી નોંધ કરાવી લઈ ઉત્તરોતર ફારગતિ અને વેચાણ દસ્તાવેજ કરી ગુનાહિત કાવતરું રચી કરોડો રૂપિયાની જમીન હડપ કરી લેતા ગુનો નોંધાયો હતો.

# પાંચ મહિનામાં પૈસા ડબલ કરવાના ચક્કરમાં યુવકે ૧૦.૪૧ કરોડ ગુમાવ્યા

**નાનામવા રોડ ઉપર ૯-સ્કવેર બિલ્ડિંગમાં યુનિવર્સલ ટ્રેડલિંક નામે ઓફિસ ધરાવતા રોહિત કકાણિયા અને તેની પત્ની પ્રફુલાનું કારસ્તાન**




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં વધુ એક છેતરપિંડી યુવક સાથે થઈ છે જેણે પાંચ મહિનામાં પૈસા ડબલ કરવાના ચક્કરમાં ૧૦.૪૧ કરોડ ગુમાવવા પડતાં શહેરની આર્થિક ગુના નિવારણ શાખામાં ગુનો નોંધાયો હતો.

આ અંગે વિગત મુજબ જીવરાજ પાર્ક મેઈન રોડ પર હાર્મની એક્ઝોટિકા, એ-૭૦૨માં રહેતા અને ખેતીકામ કરતા નિકુંજ છગનભાઈ વોરાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે તે વાવડીમાં એપેક્ષ ઈન્ડસ્ટ્રીઝ નામે નામે ફેબ્રુકેશનનું ફેબ્રુકે કારખાનું ધરાવે છે. તેના મિત્ર ભાવેશ સભાયા અવાર-નવાર કારખાને આવતો હોય નિકુંજે ભાવેશને મેન્યુફેક્ચરિંગ અને ટ્રેડિંગના ધંધામાં રોકાણ કરવા માટે કહ્યું હતું. આ પછી ભાવેશે નિકુંજને રોહિત કંકાણીયા કે જે નાનામવા રોડ પર ૯- સ્કવેર બિલ્ડિંગમાં યુનિવર્સલ ટ્રેડલિંગ નામે ઓફિસ ધરાવે છે તેને ત્યાં રોકાણ કરવાથી સારું વળતર મળશે અનેપાંચ મહિનામાં રોકાણ કરેલા રૂપિયા બમણા થઈ જશે તેવી વાત કરી હતી.

આ પછી નિકુંજે રોહિત કંકાણીયા સાથે મુલાકાત પણ કરી હતી. ભાવેશે ત્યારે કહ્યું હતું કે રોહિત કકાણિયાને કેપિટલ મની માર્કેટનો ધંધો છે અને તેમાં મોટાપાયે રોકાણ કરવામાં આવે છે.

રોહિતને દુબઈમાં પણ સંપર્ક છે અને રોહિત જ આ તમામ વહીવટ કરતો હોવાનું ભાવેશે કહ્યું હતું. રોહિત દુબઈની સ્પેશ વર્લ્ડ કેપિટલ કંપનીમાં રોકાણ કરતો હોવાનું અને દુબઈની કંપનીની ઓફિસ મહારાષ્ટ્રમાં આવી હોવાનું જણાવ્યું હતું જેનું સંચાલન સુશીલ મોઝર નામની વ્યક્તિ કરે છે. આ પછી નિકુંજે રોકાણ કરવાનું નક્કી કરી રોહિતની પત્નીના ખાતામાં ત્રણ લાખનું રોકાણ કર્યું હતું. આ પછી ૧.૯૨ કરોડ, બે કરોડ, ત્રણ લાખ, ૧૭.૫૦ લાખ, ૨૫ લાખ, ૨.૧૦ કરોડ, ૫૦ લાખ, ૪૪.૮૦ લાખ મળી કુલ ૧૦.૪૧ ઉપરાંત કરોડ જેવી રકમનું રોકાણ રોહિતની કંપનીમાં કર્યું હતું. આ માટે નિકુંજે પોતાના પાસે રહેલી રકમ ઉપરાંત પરિવારજનો પાસેથી પણ ઉધાર-ઉછીના પૈસા લીધા હતા. ત્યારબાદ રોહિતે ત્રણ મહિના સુધી ૨૦% વળતર લેખે ૭૫ લાખ જેટલી રકમ ચૂકવી હતી. જો કે એ પછી વળતર ન આપતા ઉપરાણી કરી હતી પરંતુ રોહિતે એવું બહાનુંઆપ્યું હતું કે મહારાષ્ટ્રમાં ચૂંટણી ચાલી રહી હોવા ઉપરાંત ડિસેમ્બર એન્ડીંગ ચાલતું હોવાથી દુબઈ કંપનીમાંથી વળતર ચૂકવવામાં આવતું નહીં અને તમને રોકાણ પરત મળશે નહીં. રોકાણને આટલા મહિના થઈ ગયા છતા કશું જ વળતર ન મળતા આખરે રોહિત શાંતિલાલ કકાણિયા અને તેની પુત્ની પ્રફુલા રોહિત કકાણિયા સામે ફરિયાદ નોંધાવી હતી.

# મોરબીના રાજપરમા ભાઈના હાથે ભાઈની હત્યા, છરીનો એક ઘા જીવલેણ નિવડયો

**કામ ધંધો નહીં કરતા નાના ભાઈના કારણે દેણું થતા દસ વિઘા જમીન વેચવી પડીઃ મોડીરાત્રે ઘેર આવેલા નાના ભાઈ ઉપર મોટો ભાઈ છરી ધોકો લઈ તૂટી પડયો**



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના રાજપર ગામમાં કામ ધંધો નહીં કરતા ઉડાઉ નાના ભાઈને કારણે દેણું થઇ જતા દસ વીઘા જમીન વેચાઈ ગઈ હોવાથી ગુસ્સામાં આવી ગયેલા મોટાભાઈએ ગતરાત્રીના ઘેર આવેલા નાના ભાઈ સાથે ઝઘડો કરી ધોકા વડે બેફામ માર મારી છરીનો ઘા ઝીકી દેતા નાના ભાઈનું મૃત્યુ નીપજ્યું હતું.આ ચોંકાવનારા બનાવામાં નાના ભાઈની હત્યા કરી નાખનાર મોટાભાઈ વિરુદ્ધ બહેને ફરિયાદ નોંધાવી છે.

મોરબી તાલુકાના રાજપર ગામે રહેતા પ્રવીણભાઈ મોહનભાઈ અઘારા ઉ.૩૭ નામના યુવાનની તેના જ ઘરમાં હત્યા કરી નાખવામાં આવી હોવાની મોરબી તાલુકા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ બનાવ સ્થળે દોડી ગઈ હતી.નાના એવા રાજપર ગામમાં હત્યાના બનાવને પગલે ગ્રામજનોના ટોળા ઉમટી પડયા હતા.બીજી તરફ ઘરકંકાસમાં બનેલા હત્યાના આ બનાવમાં મૃતક પ્રવીણભાઈના બહેન ભાવનાબેન નિલેશભાઈ ભીમાણીએ મોરબી તાલુકા પોલીસ મથકમાં પોતાના જ મોટાભાઈ મહેશભાઈએ પ્રવિણભાઈની હત્યા કરી નાખી હોવાની ફરિયાદ નોંધાવી હતી.

બીજી તરફ મૃતકના મોરબી યદુનંદન સોસાયટી ખાતે રહેતા બહેન ભાવનાબેને મોરબી તાલુકા પોલીસ મથકમાં જણાવ્યું હતું કે, તેમના પિતાજીએ વહેલી સવારે ફોન કરી મોટાભાઈ મહેશે પ્રવિણ સાથે

મોડીરાત્રે ઝઘડો કરી બાદમાં હત્યા કરી નાખી હોવાનું જણાવતા તેઓ રાજપર દોડી આવ્યા હતા.બનાવ અંગે ભાવનાબેને વધુમાં ઉમેર્યું હતું કે, તેમના પિતાજીએ જણાવ્યું હતું કે, પ્રવીણ મોડીરાત્રે ઘેર આવતા મહેશે ઝઘડો કરીને કહ્યું હતું કે, તારે કઈ કામ ધંધો કરવો નથી અને ગામમાંથી ઉછીના પૈસા લઈ જલસા કરવા છે. તારા કારણે દસ વીઘા જમીન વેચવી પડી હોવાનું કહી લાકડી વડે માર માર્યો હતો અને વચ્ચે બચાવવા પડતા મહેશભાઈએ પિતાને પણ ધક્કો મારી દેતા તેઓ પડી ગયા હતા. હત્યાના બનાવ અંગે હાલમાં મોરબી તાલુકા પોલીસે મૃતકના બહેનની ફરિયાદને આધારે સગા મોટાભાઈ વિરુદ્ધ ગુન્હો નોંધી તપાસ શરૂ કરી છે.

# SNK સ્કૂલ પાછળ શિક્ષકના મકાનમાં ચાર તસ્કરોએ ૧૦.૮૫ લાખની ચોરી કરી'તી

**શિક્ષક દંપતિ નોકરી પર અને સંતાન સ્કૂલે ગયા ત્યારે ચાર મિનિટમાં જ આપ્યો હતો : ચોરીને અંજામ આપનાર હરિયાણાના એક શખસની ધરપકડ**



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની એસ.એન.કે. સ્કૂલ પાછળ નંદી પાર્ક-૫માં આવેલા અપૂર્વા એપાટમેન્ટમાં ત્રાટકી ૧૦.૮૫ લાખની ચોરીનો બનાવ બન્યો હતો. આ ચોરીને ચાર શખસોએ મળીને અંજામ આપ્યો હોવાનું ધ્યાન પર આવતા ક્રાઈમ બ્રાન્ચે એક તસ્કરને દબોચી લીધો હતો. જો કે તેની પાસેથી કોઈ જ રિકવરી થઈ શકી ન્હોતી કેમ કે ચોરીની તમામ રકમ અન્ય ત્રણ તસ્કરો પાસે હોવાનું કથન તસ્કરે કર્યું હતું.

એસ.એન.કે.સ્કૂલમાં શિક્ષક તરીકે કાર્યરત લેઝલીભાઈ ડોનાલ્ડ કિશોર ચાંદેકર અને તેમના પત્ની કે જેઓ પણ ત્યાં જ શિક્ષક હોય બન્ને સ્કૂલે નોકરીએ જવા રવાના થયા હતા ત્યારે સંતાનો પણ સ્કૂલે અભ્યાસ માટે ગયા હતા.

આ પછી બપોરે બે વાગ્યે પતિ-પત્ની ઘેર આવ્યા ત્યારે બેડરૂમમાં રહેલા કબાટમાં તપાસ કરતા અંદરથી સોના-ચાંદીના દાગીના સહિત ૧૦.૮૫ લાખની મત્તા ગાયબ હોવાનું જણાતાં યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. આ ફરિયાદ બાદ તપાસ કરી રહેલી ક્રાઈમ બ્રાન્ચની ટીમે હરિયાણાના જજ્જર ગામના સંદીપ ઓમપ્રકાશ ધનખડને દબોચી લીધો હતો. સંદીપની પૂછપરછમાં એવું સામે આવ્યું હતું કે તેણે આ ચોરી અન્ય ત્રણ સાથીદારો સાથે મળીને કરી હતી અને તેમાંથી તેને ૨૭,૦૦૦ રૂપિયા મળ્યા હતા જે તેણે મોજશોખ પાછળ વાપરી નાખ્યા હતા. પોલીસે સંદીપની સાથે રહેલા અન્ય ત્રણ તસ્કરોની શોધખોળ આદરી હતી. સંદીપે સુરત અને વડોદરામાં પણ ત્રણ ગુનાને અંજામ આપ્યો હોવાનું સામે આવ્યું હતું.

# કોઠારીયા સોલવન્ટ પાસે ટ્રક ડ્રાઈવરનું યુવતી સહિત ૪ લોકોએ ઢીમ ઢાળી દીધું

**૨૫ વારીયા કવાર્ટર નજીક ૪ લોકો પ્રૌઢ પર છરી-પાઈપ વડે તુટી પડયાઃ પ્રેમ પ્રકરણમાં હત્યાને અંજામ અપાયાની આશંકા**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ૨૪ કલાકની અંદર જ હત્યાની બીજી ઘટના પોલીસ ચોપડે નોંધાતા સનસનાટી મચી જવા પામી હતી. કોઠારીયા રોડ પર સંસ્કાર ઈન્ડસ્ટ્રીયલ એરીયામાં ઓરિસ્સાના યુવકની હત્યાનો બનાવ હજુ તાજો જ છે ત્યાં કોઠારીયા સોલવન્ટ પાસે ૨૫ વારીયા કવાર્ટર નજીક ૫૪ વર્ષીય ટ્રક ડ્રાઈવર પ્રૌઢનું ઢીમ ઢાળી દેવાતાં શહેરમાંથી ખાખીનો ખૌફ ઓસરી ગયો હોય તેવું ચિત્ર ઉપસ્થિત થઈ રહ્યું છે.

હત્યાની બીજી ઘટના અંગે જાણવા મળેલી વિગતો પ્રમાણે શાપરના પારડી રોડ પર રહેતા અને ટ્રક ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા ભાવેશભાઈ કરૂણાશંકર વ્યાસ નામના પ્રૌઢનું ધ્રુવ મુકેશભાઈ દુધરેજીયા, જૈનીશ રાજપુત, બાઠીયો ઉર્ફે સાધુ અને શ્વેતા રાજપુત નામની મહિલા એમ ચાર લોકોએ મળી છરી અને પાઈપના ઉપરાછાપરી ઘા મારી હત્યાને અંજામ આપ્યો હતો. આ ઘટનાની જાણ થતાં જ આજીડેમ પોલીસ મથકના પી.આઈ. એ.બી. જાડેજા સહિતનો સ્ટાફ દોડી ગયો હતો. પ્રારંભીક તપાસમાં ખુલ્યા પ્રમાણે મૃતક ભાવેશભાઈને વર્ષા નામની મહિલા સાથે પ્રેમ પ્રકરણ ચાલી રહ્યું હોય જ્યારે વર્ષાનો પુત્ર ધ્રુવ આ સંબંધથી ક્રોધે ભરાયેલો હોય તેના કારણે આ હત્યાને અંજામ આપવામાં આવ્યો હોવાની આશંકા સેવાઈ રહી છે. બીજી બાજુ આ હત્યામાં સામેલ શ્વેતા ચૌહાણ અગાઉ પણ પૂર્વ બોયફ્રેન્ડને છરીના ઘા મારવામાં પોલીસ ચોપડે ચડી ચુકી હોવાનું સામે આવ્યું છે. ત્યારે પોલીસે ચારેય ને ઝબ્બે કરવા ટીમ દોડાવી હતી.

# ઊના તાલુકાના ભાચા ગામે દીપડાએ પિતાની બાજુમાં સૂતેલા બે વર્ષના પુત્રને ફાડી ખાધો

**પુત્રને બચાવવા પિતાએ દોટ મૂકી પરંતુ તેના હાથમાં માત્ર મૃતદેહ લાગ્યોઃ દીપડો બાળકને એક કિ.મી. દૂર લઈ ગયો, લોકોએ બૂમાબૂમ કરતા બાળકને છોડી દીધો**



**મુખ્ય સમાચાર, ઉના**

ઉનાના ભાચા ગામે મોડી રાત્રીના સમયે ઝૂપડામાં પિતાની બાજુમાં સુતેલા બાળકને દીપડો ઉઠાવી ગયો હતો. દીપડાના મુખમાંથી બાળકને બચાવવા પિતાએ દોટ મુકી હતી પરંતુ બાળકનો માત્ર મૃતદેહ મળ્યો હતો. ૨૦ વર્ષે આવેલો એકનો દીકરો ગુમાવતા માતાના હૈયાફાટ રૂદનથી ભારે શોક ફેલાયો હતો.

ઉના ધોકડવા રોડ પર આવેલ ભાચા ગામના ખોડીયાર ધાર વિસ્તારમાં રહેતા ભુપતભાઈ સોલંકી અને તેમનો પુત્ર રાજવીર સુતા હતા ત્યારે એક દીપડો ઝૂપડામાં ઘુસી આવ્યો હતો અને રાજવીરને ગળાના ભાગેથી ઉપાડી નાસી ગયો હતો. ત્યાર બાદ રાજવીરના પિતા ભુપતભાઈ ઉઠી ગયા હતા અને આસપાસના લોકોએ દિપડાની પાછળ દોટ મુકી હતી. અંદાજિત એક કિમી દૂર આવેલ આંબાના ઝાડ નીચે દીપડો બાળકને લોહી લુહાણ હાલતમાં લઈને બેઠો હતો અને લોકોએ બૂમાં બૂમ કરતા આ દીપડો બાળકને આંબાના ઝાડ નીચે મૂકી નાસી ગયો હતો અને બે વર્ષના રાજવીરનું મોત થયું હતું.

જ્યારે બાજુના ભાગે સુતેલી બાળકીને દીપડાએ કોઈ પણ પ્રકારની ઈજા કરી ન હતી સમગ્ર ઘટનાની જાણ

વન વિભાગને કરવામાં આવતા જશાધાર વન વિભાગના ફોરેસ્ટર વીરાભાઈ ચાવડા સહિતનો સ્ટાફ ભાચા ગામે દોડી આવ્યો હતો અને બાળકના મૃતદેહને પી.એમ અર્થે ઉના સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતા બાળકના મોતથી પરિવારના શોકની લાગણી પ્રસરી હતી. હાલ જશાધાર વન વિભાગ દ્વારા આ માનવભક્ષી દિપડાને પકડવા માટે પાંજરું ગોઠવવામાં આવ્યું છે.

# રાજકોટથી જોડીયા ગામમાં પુત્રનું સગપણ કરવા આવેલા પિતાનું હૃદય થંભી જતાં મૃત્યુ

**કોળી પરિવારે સગાઈનો પ્રસંગ સાદગીપૂર્વક સંપન્ન કર્યો**

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના જોડીયામાં એક સગાઈના પ્રસંગમાં રાજકોટ થી કોળી પરિવાર પુત્રની સગાઈ કરવા માટે આવ્યો હતો, જે દરમિયાન પિતાને હૃદય રોગનો હુમલો આવી ગયો હતો, અને તેનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજતાં ભારે કરુણ દ્રશ્યો સર્જાયા હતા. સમગ્ર વિધિ સાદગી થી આટોપી લેવાઈ હતી. રાજકોટમાં રહેતા ભીખાભાઈ જકશીભાઈ બાટિયા જાતે કોળી (ઉ.વ.૫૩) કે જેઓએ પોતાના પુત્ર રાજાભાઈ ઉર્ફે રાજુ ભીખાભાઈ બાટિયા (૨૬) કે જેનું સગપણ જામનગર જિલ્લાના જોડીયામાં કર્યું હતું, અને ગઈકાલે રવિવારે સવારે ૯.૦૦ વાગ્યે રાજકોટ થી સમગ્ર કોળી પરિવાર સગપણ માટે જોડીયા આવ્યો હતો, અને સગપણ વિધિ ચાલવી રહી હતી.

દરમિયાન ૧૧.૦૦ વાગ્યા ના અરસામાં ભીખાભાઈ બાટીયા ને છાતીમાં દુખાવો ઉપડ્યો હતો, જેથી સગપણ વિધિ સાદાઈથી ચાલુ રખાઈ હતી, અને ભીખાભાઈ ને સૌપ્રથમ સારવાર માટે જોડિયાની સરકારી હોસ્પિટલમાં લઈ જવાયા હતા, ત્યારબાદ વધુ સારવાર માટે તેઓને રાજકોટ ખસેડાયા હતા. જ્યાં તેઓને હૃદય રોગનો હુમલો આવી જવાના કારણે મૃત્યુ નીપજ્યું હોવાનું તબીબો દ્વારા જાહેર કરાયું હતું. જેથી સમગ્ર કોળી પરિવારના શોકનું મોજુ ફરી વળ્યું હતું. સમગ્ર પરિવાર સગાઈનો પ્રસંગ સાદગીથી પૂર્ણ કરીને રાજકોટ આવી ગયો હતો, અને ત્યાં અંતિમવિધિ સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી, અને સમગ્ર વાતાવરણમાં ભારે ગમગીની ફેલાઈ હતી.

બીજા બનાવમાં જામનગરમાં મુરલીધર સોસાયટી વિસ્તારમાં ચંદ્ર સરોવર એપાર્ટમેન્ટમાં રહેતો હસમુખ ભીખાભાઈ ઝાલા નામનો ૩૭ વર્ષનો યુવાન ગઈકાલે રાત્રિના દસ વાગ્યા ના સુમારે સમર્પણ રોડ પર જકાતનાકા પાસે આવેલી રેલવે ફાટક નજીકના પાટા ઓળંગી રહ્યો હતો, જે દરમિયાન ટ્રેન આવી જતાં પોતે ટ્રેનની હડફેટે ચડી ગયો હતો, અને માથા અને મોઢા નો ભાગ છૂંદાઈ જતાં ગંભીર ઈજા થવાથી ઘટનાના સ્થળે જ કમકમાટી ભર્યું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# મેટોડામાં સમાધાનના બહાને બોલાવી આધેડની હત્યામાં બુટલેગર સહીત બે શખસોની ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મેટોડામાં ગ્લોરીયલ સોસાયટીમાં અને મુળ ગઢડાના ચોસલાગામે રહેતા દિલીપસિહ પ્રવિણસિહ ગોહીલ નામના આધેડની છરીના ઘા ઝીકી હત્યા થયાના બનાવમાં મેટોડા પોલીસ હત્યામાં ભોગ બનનાર તેના ભાઈ વિક્રમસિહની ફરીયાદ પર થી ગુનો નોધી બુટલેગર સહિત બે શખસોની ધરપકડ કરી હતી.

આ અંગેની માહિતી મુજબ મેટોડા જીઆઈડીસીમાં રહેતા દિલીપસિહ ગોહીલ (ઉ.૪૨) રાત્રીના તેના ઘર પાસે હતા ત્યારે હાર્દીક ઉર્ફે બાલાભાઈ મહીડા અને કેતન ઉર્ફે બીટુ મનુભાઈ બગડાએ સમાધાન માટે બોલાવી ઝગડો કરી છરીના ઘા ઝીંકી હત્યા કરી નાસી જતા પોલીસે મુતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પીટલમાં ખસેડી તપાસ હાથ ધરી હતી. પોલીસની તપાસમાં રિક્ષા ચાલક દિલીપસિહ છેલ્લા સાતેક વર્ષથી હંસાબેન ડાંગર સાથે મેટોડામાં રહેતા હોવાનુ અને હાર્દીક અને દિલીપસિહ એક મકાનમાં ઉપર નીચે ભાડે રહેતા હોય અને દિલીપસિહ હાર્દીકની પત્નીની છેડતી કરતા હોવાની શંકાએ તેની સાથે ઝઘડો થયો હતો જે બાબતે હાર્દીકએ સમાધાન માટે બોલાવી હત્યા કર્યાનુ બહાર આવતા પોલીસે હાર્દીક અને તેનો મિત્ર કેતનની ધરપકડ કરી વધુ કાર્યવાહી કરી હતી. પોલીસની તપાસમાં પકડાયેલો હાર્દીક પર અગાઉ શાપરમાં આઠ જેટલા દારૂના ગુના હોવાનુ બહાર આવતા પોલીસે વિશેષ પુછતાછ કરી છે.

# જુની પેન્શન સહિતના પ્રશ્નો અંગે નિવૃત બેંક કર્મચારીઓ દ્વારા ભુખ હડતાળ

**રાજકોટ સહિત રાજયભરના પેન્શનરો અમદાવાદ ગજવશે**

**મુખ્ય સમાચાર, રાજકોટ**

અમદાવાદમાં મંગળવારે તમામ બેંકોના નિવૃત પેન્શનરો દ્વારા ભૂખ હડતાલ સૂત્રોચાર અને દેખાવો સહિતના કાર્યક્રમો યોજાશે. વર્ષો સુધી દેશની તમામ રાષ્ટ્રીયકૃત બેંકોમાં ફરજ બજાવનાર બેંકની પ્રગતિમાં યોગદાન આપનાર અને નિવૃતિ બાદ માતૃસંસ્થાનું હિત જેના હૈયે સદા માટે રહેલ છે તેવા સમગ્ર ભારતના લાખો બેંક કર્મચારીઓને સ્પર્શતો અને વખતોવખત રજુઆતો કરવા છતા વર્ષો જુની પેન્શન વધારાની ન્યાયીઅને વ્યાજબી માંગણી પરત્વે આંખ આડા કાન કરવામાં આવેલ છે, પેન્શન વધારાની માંગણી પ્રત્યે ધ્યાન અપાતુ નથી અને પ્રશ્નને ટો ચડાવવામાં આવતો હોય, જેમની પાસે જીવનના અનુભવનું ભાથુ છે,

અનેક તડકી છાંયડી, સુખ દુઃખ ચડતી પડતી જોયેલી છે તેવા દેશભરના તમામ રાષ્ટ્રીયકૃત બેંકોના લાખો પેન્શનર ભાઈઓ બહેનોમાં દુઃખ સાથે રોષ જોવા મળી રહ્યો છે, ત્યારે પેન્શન વધારાના આર્થિક મુદાની લાંબા સમયની વણઉકેલ માંગણી બાબતે કોઓર્ડિનેશન ઓફ બેન્ક પેન્શનર્સ એન્ડ રિયાટરિઝ ઓર્ગેનાઈઝેશન તેમજ ફેડરેશન ઓફ પેન્શનર્સ એસોસિએશન દ્વારા એક દિવસીય ભૂખ હડતાલ, સૂત્રોચાર અને દેખાવો યોજવાનું નકકી કરેલ છે, જે અંતર્ગત સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા પેન્શનર્સ એસોસીએશનના જનરલ સેક્રેટરી કોમરેડ કમાલ કાદરી અને બેંક ઓફ ઈન્ડિયા પેન્શનર્સ સંગઠનના કોમરેડ આર.એસ. ત્રિવેદીના નેતૃત્વમાં અમદાવાદની તમામ બેંકોના પેન્શનર્સ સંગઠનોના આગેવાનોની મળેલ મીટીંગમાં નકકી થયા મુજબ રાજયની આર્થિક રાજધાની અને હેરીટેજ સીટી અમદાવાદમાં પેન્શન વધારાની સરકારપાસે પડેલ લાંબા સમયની માંગણી બહેરી અને નિંદ્રાધિન સરકારના ધ્યાને લાવવા અને ઝડપી ઉકેલ માટે પહેલા. તબકકામાં એક દિવસીય લડતનં આયોજન કરવામાં આવેલ છે. આવતીકાલે મંગળવારના રોજ સવારના ૧૦ થી ૫ વાગ્યા સુધી અમદાવાદના સુભાષ બ્રિજ પાસે અભય ઘાટની બાજુમાં આવેલ કલેકટર કચે સામે ભૂખ હડતાલ, સૂત્રોચાર તેમજ દેખાવોના કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. કાર્યક્રમમાં સ્ટેટ બેંક પેન્શનર્સ એસોસિએશન રાજકોટના કોમરેડ શરદ દવે, અનુપમ દોશી, શિરીષ કચ્છી વગેરે ભાગ લેશે.